



Friday, 09 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥



કોઈ વસ્તુમાં વિશ્વાસ કરવો, અને તેને જીવવું નહીં, તે અપ્રમાણિક છે.

-મહાત્મા ગાંધીજી


તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૦ ● સંવત-૨૦૮૨ પોષ વદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD


### સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની દાનહ મુલાકાતથી લોકોમાં આનંદ-ઉલ્લાસઃ અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોમાં ફફડાટ

## મુંબઈથી સુરત વચ્ચે દાનહ એક વિકસિત જિલ્લા તરીકે પોતાનું સ્થાન મજબૂત કરવા અગ્રેસર

### સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના દિર્ઘદૃષ્ટિ ભરેલા આયોજનથી સમગ્ર દાદરા નગર હવેલીની થઈ રહેલી કાયાપલટ

**પહેલા દિવસની દાનહ મુલાકાત દરમિયાન પ્રવેશદ્વાર નરોલીથી શરૂ કરી ટોકરખાડા સ્કાય વોક લેન્ડિંગ પોઈન્ટ સુધીના વિવિધ કાર્યાન્વિત પ્રોજેક્ટોનું બારીકાઈથી કરેલું અવલોકન**















**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા. ૦૮**

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દાદરા નગર હવેલી જિલ્લામાં કાર્યાન્વિત વિવિધ વિકાસની પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા અને મૂલ્યાંકન માટે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે આવ્યા છે. જેના કારણે સમગ્ર જિલ્લાના નાગરિકોના ચહેરા પર આનંદ અને ઉમંગની લાગણી છવાયેલી છે અને અધિકારીઓ વધુ સતર્ક બની કામ કરી રહ્યા હોવાનું દેખાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડમાં નહીં માનતા અને દરેક પ્રોજેક્ટો ઉપર પોતાની ચાંપતી નજર રાખનારા પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની મુલાકાતથી અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોમાં પણ ફફડાટ દેખાઈ રહ્યો છે.

આજે પહેલા દિવસે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે નરોલી પ્રવેશદ્વાર, નરોલી હાઈસ્કૂલ, નરોલી-કનાડી રોડ, નરોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કનાડી-અંકલાસ રોડ, કનાડી-લુહારી રોડ, લુહારી-અથાલ રોડ, અથાલ ટી-જંકશન ફૂટ ઓવરબ્રિજ, અથાલ ઔદ્યોગિક વિસ્તાર માર્ગ, અથાલ બ્રિજ એપ્રોચ રોડ અને સર્કિટ હાઉસની પાછળ ભૂરકૂંડ ફળિયા સ્થિત સ્કાડા પ્રણાલીનું નિરીક્ષણ કર્યું હતું.

બપોર પછી પ્રશાસકશ્રીએ યાત્રી નિવાસ જંકશનથી પીપરીયા સુધી રીંગ રોડ બ્લોક, ટ્રાન્સપોર્ટ નગર, સેલવાસ ફાયર સ્ટેશન, દયાત ફળિયા સ્કૂલ, પંચાયત માર્કેટ સહિત ચોક જંકશન, સેન્ટ્રલ પાર્ક, નમો હોસ્પિટલની પાછળ સ્માર્ટ સીટી રોડ-૩૯, શાકભાજી માર્કેટ, નમો હોસ્પિટલની નજીક રોડ-૨૬, સેલવાસ બસ સ્ટેન્ડ, સામરવરણી રોડ બ્લોક પ્રોફાઈલ સુધાર તથા ટોકરખાડા સ્કાય વોક લેન્ડિંગ પોઈન્ટનું પણ બારીકાઈથી અવલોકન કર્યું હતું.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે ખુબ જ ઝીણવટ ભરી રીતે વિવિધ પ્રોજેક્ટોના કરેલા નિરીક્ષણ દરમિયાન વિકાસ કામોની ગુણવત્તા અને પ્રગતિની સમીક્ષા કરતા સંબંધિત કોન્ટ્રાક્ટરો અને વિભાગીય અધિકારીઓને સમયસર કામ પૂર્ણ કરવા નિર્ધારિત ગુણવત્તાના માપદંડોનું ચુસ્ત પાલન કરવા અને કોઈપણ પ્રકારની લાપરવાહી નહીં રાખવા પણ સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વિકાસના કામોમાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન નહીં કરાશે અને દરેક પરિયોજનાઓ નિર્ધારિત સમય સીમામાં પૂર્ણ થવી જોઈએ.

સંઘપ્રદેશના પ્રશાસકશ્રીની મુલાકાતથી દાદરા નગર હવેલીના જિલ્લાના લોકોમાં પણ ખુશી અને આનંદની લાગણી જોવા મળી હતી. કારણ કે, જે પ્રમાણે દાદરા નગર હવેલીનો વિકાસ થઈ રહ્યો છે તે જોતા આવતા દિવસોમાં મુંબઈ અને સુરતની વચ્ચે દાદરા નગર હવેલી એક વિકસિત જિલ્લા તરીકે પોતાનું સ્થાન કાયમ કરશે એવો વિશ્વાસ હોવાના કારણે અહીંના લોકોના જીવન ધોરણમાં પણ બહુ મોટો સુધારો આવી રહ્યો છે.


### ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સોમાભાઈ નાનાભાઈ પટેલ**

જન્મ તા.૦૪/૦૬/૧૯૬૧ સ્વ. તા.૦૯/૦૧/૨૦૨૩

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપનો આદેશ અમારા માટે માર્ગદર્શક હતો, આપનું હિંમતભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા, ઘરની તન-મનથી કરેલી સેવા અમો જીવનભર ભૂલીશું નહિ. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના.

લિ.

ગં.સ્વ. મધુબેન સોમાભાઈ પટેલ (પત્ની)
જનક સોમાભાઈ પટેલ (પુત્ર) શ્રુતિ જનક પટેલ (પુત્રવધૂ)
ધનેશ સોમાભાઈ પટેલ (પુત્ર) યશ્વીની ધનેશ પટેલ (પુત્રવધૂ)
પાર્થવી જનક પટેલ (પૌત્રી)

સરનામું : પટેલ ફળિયા, ભીમપોર, નાની દમણ



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

### વર્તમાન પ્રવાહ

### ટૂંક સમયમાં વાંચો

અમારા સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતની કલમે

**દમણ જિલ્લાની ગત ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ દરેક બેઠકોના પક્ષ-અપક્ષના ઉમેદવારોની પસંદગીથી લઈ પરિણામ સુધી કરેલા અભ્યાસનો નિચોડ**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવની બેઠક ઉપરથી ભાજપનો 'નાલેશી' ભરેલો પરાજય અને દમણની જિલ્લા પંચાયતોની ૧૦ બેઠક તથા ૯ ગ્રામ પંચાયતોના સરપંચોનો બિનહરિફ વિજય ફક્ત ૬ જિલ્લા પંચાયત અને ૭ ગ્રામ પંચાયતોના સરપંચોની થયેલી ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ સોમનાથની શરમ અને દાભેલના દબદબાથી લઈ બીજા અનેક પક્ષ-વિપક્ષ દ્વારા થયેલા કાવા-દાવા અને રાજકીય કારકિર્દી ખતમ કરવાના પેતરાં સુધીના લેખાં-જોખાં સાથેની રસપ્રદ માહિતી સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતે ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન કરેલા અભ્યાસનો નિચોડ વાંચવા...

જોતા રહો..... 'વર્તમાન પ્રવાહ'







## સુવિચાર - સદ્‌વિચાર

પુસ્તક એટલે સમયના સાગરમાં ઉભી કરેલી દિવાદાંડી

## કવિતા-ભજન-પદ-ગરબા

### આટલો સંદેશો

આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો,
સેવકના હૃદિયામાં રહેજો... સંદેશો...
સેવા ને સમરણ અમે કોનાં રે કરીએ?
તેનો આદેશ અમને દેજો... સંદેશો...

કાયાનું દેવળ અમને લાગે છે કાચું,
તેની ભાળવણી અમને દેજો... સંદેશો...
કાયા પડશે ને હંસો ક્યાં જઈ સમાશે?
તે ઘર બતલાવી અમને દેજો... સંદેશો...

બ્રહ્મસ્વરૂપ મારી નજરુંમાં ના'વે,
દર્શન દીદાર અમને દેજો... સંદેશો...
તમે છો અમારા ને અમે તો તમારા,

જનમોજનમની ભક્તિ દેજો... સંદેશો...
બેઉ કર જોડી દાસ 'અંબારામ' કહે છે,
સેવકને શરણુંમાં લેજો... સંદેશો...

-અંબારામ ભગત

## આજની જોક

એક સુંદર યુવતીએ વૃદ્ધ આદમી સાથે લગ્ન કરી લીધા.
તે યુવતીની પાડોસીએ પુછયું તે આ આદમીમાં શું જોયું?
યુવતીએ કહ્યું
એક તો તેની ઈનકમઅને બીજુ તેના દિન કમ

## કબીર વાણી

**એક કનક અરૂ કામિની, બિખ્યા ફલકુ પાય;**
**દેખતહિસેં બિખ ચઢે, ખાયે તે મર જાય.**

**- અર્થાત-**

એક પૈસો, ને બીજું સ્ત્રી, એ બે વિષયોની પુંઠે જનાર ઝેહરી ફળજ પામે છે. આ બે મહા માયારૂપી વિષયો છે કે જેઓને માત્ર જોવાથી માણસને ઝેહેર ચહડે છે યાને તેની વૃત્તિ ફેરવાઈ જાય છે, અને જેઓ તે વિષયો ભોગવ ભોગવ કર્યા કરે છે તેઓનો નાશજ થાય છે.

## આજનો દિન વિશેષ

### હિમા દાસ



હિમા દાસ (જન્મ ૯ જાન્યુઆરી ૨૦૦૦), જેને ધિંગ એક્સપ્રેસનું હુલામણું નામ આપવામાં આવ્યું છે, તે એક ભારતીય દોડવીર છે.તેણી ૨૦૧૮ એશિયન ગેમ્સમાં ૫૦.૭૯ સેકન્ડના સમય સાથે ૪૦૦ મીટર દોડમાં વર્તમાન ભારતીય રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવે છે. તે વર્લ્ડ U20 ચેમ્પિયનશિપમાં ટ્રેક ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી છે. રાજ્યની ઈન્ટિગ્રેટેડ સ્પોર્ટ પોલિસી હેઠળ તેણીને આસામ પોલીસમાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ તરીકે નિયુક્ત કરવામાં આવી હતી.તેણીને ૨૦૧૮માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

**પ્રારંભિક જીવન:** હિમા દાસનો જન્મ તેના ગૃહ રાજ્ય આસામના ધિંગ શહેર નજીક કંધુલીમારી ગામમાં રોનજીત દાસ અને જોનાલી દાસને ત્યાં થયો હતો. તેના માતાપિતા વ્યવસાયે ખેડૂત છે. તે પાંચ ભાઈ-બહેનોમાં સૌથી નાની છે. તેણીએ ધિંગ પબ્લિક હાઈસ્કૂલમાંથી પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યું. તે ફૂટબોલ રમતી હતી અને હંમેશા ફૂટબોલમાં કારકિર્દી બનાવવા માંગતી હતી. જોકે, તેણીને ભારતમાં મહિલા ફૂટબોલમાં પોતાના માટે કોઈ સંભાવના દેખાતી નહોતી.

નજીકના જવાહર નવોદય વિદ્યાલય (JNV) ખાતે યોજાયેલા એક આંતર-શાળા શિબિરમાં, તે પ્રેક્ટિસ શરૂ થાય તે પહેલાં અને ક્યારેક દરવાજા ખુલતા પહેલા પણ મેદાન પર પહોંચી જતી હતી. વિદ્યાલયના એક શારીરિક શિક્ષણ શિક્ષક તેના દૃઢ નિશ્ચય અને સમયપાલનથી પ્રભાવિત થયા હતા. બાદમાં તેમણે તેણીને દોડમાં કારકિર્દી બનાવવા માટે સમજાવી.

દાસે મે ૨૦૧૯ માં તેણીની ૧૨મી બોર્ડ પરીક્ષા પાસ કરી. ૨૦૧૮ સુધીમાં, તેણી કોટન યુનિવર્સિટી, આસામમાંથી તેણીની B.A ડિગ્રી મેળવી રહી હતી.

**કારકિર્દી :** એપ્રિલ ૨૦૧૮માં, દાસે ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ૪૦૦ મીટર અને ૪x૪૦૦ મીટર રિલેમાં ભાગ લીધો.૧૨ જુલાઈ ૨૦૧૮ના રોજ, દાસે ફિનલેન્ડના ટેમ્પેરે ખાતે યોજાયેલી વર્લ્ડ અંડર-૨૦ ચેમ્પિયનશિપ ૨૦૧૮ માં ૪૦૦ મીટરની ફાઈનલ જીતી, જેમાં ૫૧.૪૬ સેકન્ડનો સમય કાઢ્યો અને આંતરરાષ્ટ્રીય ટ્રેક ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય દોડવીર બની.

## આજનો પ્રવાસ

### સીમા દર્શન નડાબેટ

સીમા દર્શન નડાબેટના શૂન્ય બિંદુ પર આ સીમા દર્શન વાઘા બોર્ડર પેટર્નના આધારે બીએસએફ જવાનની બહાદુરીનું પાલન કરવાના હેતુથી શરૂ થયું છે. માત્ર વાઘા સરહદ ભારત-પાકિસ્તાન સરહદની સીમા છે જ્યાં બન્ને દેશો ડ્રિલ રીટ્રીટ કરે છે અને લોકો તેને જોઈ શકે છે. સરહદ પર જોવાના બિંદુમાં પ્રમુખ આકર્ષણ તરીકે બીએસએફના રિટરેટ સેરિમની, ફ્યુઝન બેન્ડ અને ઊંટ શો જોવા લાયક હશે. સરહદ પર પ્રવાસન કોર્પોરેશન (ટીસીજીએલ) દ્વારા નવા વિકસિત સ્થાન પર પ્રવાસીઓ હથિયાર પ્રદર્શની, ફોટો ગેલેરી અને બીએસએફના એક ડોક્યુમેન્ટરી ફિલ્મ જોઈ શકો છો.

**ગબ્બર , અંબાજી :** ગબ્બર (અથવા ગબ્બરગઢ), અંબાજી ગામના પશ્ચિમે આશરે ચાર કિ.મી.ના અંતર પર નાની ટેકરી, દેવીનું મૂળ સ્થાન, કૃષ્ણાના સોનેરી સમારંભ (ધાર્મિક વડા-તારક) અને મહિષાસુર-મર્દિનિ દૈવીના નિવાસસ્થાનનું હોવાનું મનાય છે. આ ટેકરી ખૂબ કપરા અને મુશ્કેલ ચઢાણ વળી છે. પહાડના નીચેથી ૩૦૦ પથ્થરનાં પગથીયાઓ છે તે પછી યાત્રાળુઓ માટે એક સાંકડી ખતરનાક કેડી દ્વારા ચઢાણ આવે છે.પર્વતમાળાની સપાટ ટોચ પર અંબાજીના મંદિરની એક નાની જગ્યા છે, જેમાં એક સારી રીતે સુરક્ષિત દીવો સતત પ્રજવલ્લીત રાખવામાં આવેલ છે, અને રાત્રે તે મુખ્ય અંબાજી મંદિરથી જોઈ શકાય છે. દેવીના પીપળના વૃક્ષ નીચે નીચે પગની છાપ છે જેની પુજા થાય છે.

### દેશભરમાં ઠંડીની અસર ઝડપથી વધી રહી છે

# પહાડો પર બરફવર્ષાથી ઉત્તર ભારતમાં કોલ્ડવેવનો કહેર

## છેલ્લા ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે નોંધાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૮**

દેશભરમાં ઠંડીની અસર ઝડપથી વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે નોંધાયું હતું. ઉત્તરાખંડ, દિલ્હી અને ઉત્તર મધ્ય પ્રદેશમાં તાપમાન ૦ થી ૫ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના ઘણા વિસ્તારોમાં તાપમાન ૫ થી ૧૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું હતું. દેશના ઘણા ભાગોમાં સતત ઘટી રહેલા તાપમાન અને શીત લહેરને કારણે ઠંડીની અસર દરરોજ વધુ તીવ્ર બની રહી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ૯ અને ૧૦ જાન્યુઆરીએ તમિલનાડુના ઘણા વિસ્તારોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી છે. ૧૦ જાન્યુઆરીએ કેરળના ઘણા ભાગોમાં ભારે વરસાદની પણ આગાહી છે.

IMD એ જણાવ્યું હતું કે ૯ જાન્યુઆરીએ સવારના સમયે પંજાબ, પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં ગાઢ ધુમ્મસ છવાઈ જશે. આગામી દિવસોમાં જમ્મુ અને કાશ્મીર, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, મધ્ય પ્રદેશ અને બિહાર સહિત ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની પણ આગાહી છે.

વધુમાં ૯ અને ૧૦ જાન્યુઆરીએ હિમાચલ પ્રદેશ, પૂર્વી મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરીય આંતરિક કર્ણાટકના ઘણા ભાગોમાં શીત લહેર ચાલુ રહેવાની સંભાવના છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને રાજસ્થાનમાં પણ ૧૧ જાન્યુઆરી સુધી શીત લહેર ચાલુ રહેવાની સંભાવના છે.

૧૦ જાન્યુઆરીની સવારે દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી અને પૂર્વીય વિષુવવૃત્તીય હિંદ મહાસાગરમાં ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે તોફાની હવામાનની અપેક્ષા છે. ત્યારબાદ પવનની ગતિ ધીમે ધીમે ઘટશે, બપોર સુધીમાં ૪૦ થી ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચશે. વધુમાં, દક્ષિણ અને ઉત્તરી તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠે અને તેની બહાર ૩૫ થી ૪૫ કિમી પ્રતિ કલાકસુધીના જોરદાર પવન ફૂંકાશે તેવી સંભાવના છે.



દેશના ઘણા ભાગોમાં તાપમાન સતત ઘટી રહ્યું છે, પર્વતીય વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું છે. આગામી દિવસોમાં ઠંડી અને ધુમ્મસ ચાલુ રહેવાની શક્યતા છે.

# કેઆઈબીજી ૨૦૨૬: હરિયાણાની મહિલા ટીમ અને દિલ્હીની પુરુષ ટીમે બીચ સેપકટકરોમાં ગોલ્ડ મેડલ જીત્યા





## બીચ સેપકટકરામાં બિહારે સિલ્વર મેડલ જીત્યો : બીચ સોકર મહિલા ફાઈનલમાં ઓડિશા અને ગુજરાત ટકરાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૮**

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬ (કેઆઈબીજી ૨૦૨૬) માં હરિયાણાની મહિલા ટીમ અને દિલ્હીની પુરુષ ટીમે બીચ સેપકટકરોમાં ગોલ્ડ મેડલ જીત્યા, જેનાથી બીચ પર રમાયેલી ફાઈનલમાં બિહારની ગોલ્ડ મેડલ જીતવાની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ દ્વારા આયોજીત ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬નું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનની તકનીકી દેખરેખ હેઠળ આયોજિત થઈ રહી છે. આ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સની બીજી આવૃત્તિ છે, જેમાં ૧,૧૦૦થી વધુ ખેલાડીઓ આઠ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. વોલીબોલ, ફૂટબોલ, સેપકટકરા, કબડ્ડી, પેનચક સિલાટ, ઓપન વોટર સ્વિમિંગ, મલ્લખંભ અને ટગ ઓફ વોર(રસ્સાંખેચ) માં પ્રથમ છ મેડલ ઈવેન્ટ્સ છે, જેમાં કુલ ૩૨ ગોલ્ડ મેડલ દાવ પર છે.

મહિલા ફાઈનલમાં, હરિયાણાએ પ્રથમ રેગું ગુમાવ્યા બાદ મજબૂત વાપસી કરી હતી અને એક કલાક અને ૧૫ મિનિટ ચાલેલી મેચમાં બિહારને ૨-૧થી હરાવ્યું હતું. પુરુષોની ફાઈનલમાં, દિલ્હીએ બિહારને સીધા સેટમાં ૨-૦થી હરાવ્યું હતું.

બીચ સોકરમાં, ગત વિજેતા ઓડિશાએ નવી ડેબ્યુ કરી રહેલ હિમાચલ પ્રદેશની ટીમને ૭-૦થી હરાવીને મહિલા ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ઓડિશા તરફથી સૃજના તમાંગ, સત્યવતી ખડિયા અને ખુન્ડોંગબામ અંબાલિકાએ બે-બે ગોલ કર્યા હતા.

બીજી મહિલા સેમિફાઈનલમાં, ગુજરાતની ટીમે શાનદાર શરૂઆત કરી પ્રથમ ક્વાર્ટરમાં ચાર ગોલ કર્યા હતા, જે અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ ૬-૩થી જીત મેળવવા માટે પૂરતા હતા. અરુણાચલની કેપ્ટન ગિયાની રામચિંગ મારાએ ત્રણેય ક્વાર્ટરમાં એક-એક ગોલ કર્યો, પરંતુ અન્ય ખેલાડીઓ તરફથી જરૂરી ગોલ કરી શક્યા હતા તેથી તેમના તરફથી ગેમને જીતાડવા માટે જરૂરી સમર્થનનો અભાવ જોવા મળ્યો હતો.

તમિલનાડુ પાસે પુરુષો અને મહિલાઓ બંને પ્રકારની બીચ વોલીબોલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતવાની તક છે. મહિલા સેમિફાઈનલમાં, દીપિકા અને પવિત્રા (તમિલનાડુ) એ એક સેટ પાછળ રહીને વાપસી કરી અને સ્વાતિ અને ધારશિની (તમિલનાડુ) ને ૧૯-૨૧, ૨૧-૧૨, ૧૫-૬ થી હરાવી. હવે તેઓ ગોલ્ડ મેડલ મેચમાં પુડુચેરીની રેવતી અને શ્વેતાનો સામનો કરશે.

પુરુષોની ફાઈનલ તમિલનાડુના ભારત અને રાજેશની જોડી તથા ગોવાના સાવન અને ગૌન્સની વચ્ચે રમાશે.

**આજના પરિણામો : બીચ સોકર (સેમિફાઈનલ)**

**મહિલાઓ:** ગુજરાતે અરુણાચલ પ્રદેશને ૬-૩થી હરાવ્યું; ઓડિશાએ હિમાચલ -દેશને ૭-૦થી હરાવ્યું

**બીચ સેપકટકરા :**

મહિલાઓ ગોલ્ડ-હરિયાણા; સિલ્વર-બિહાર; બ્રોન્ઝ - ઉત્તર પ્રદેશ, મણિપુર

પુરુષો ગોલ્ડ - દિલ્હી; સિલ્વર-બિહાર; બ્રોન્ઝ-મણિપુર, દાદરા અને નગર હવેલી, અને દમણ અને દીવ

**બીચ વોલીબોલ (સેમિફાઈનલ)**

**મહિલાઓ:** દીપિકા/પવિત્રા (તમિલનાડુ)એ સ્વાતિ/ધારશિની (તમિલનાડુ)ને ૧૯-૨૧, ૨૧-૧૨, ૧૫-૬થી હરાવ્યું;

રેવતી/શ્વેતા (પુડુચેરી)એ મનસા/મૌનિકા (આંધ્રપ્રદેશ)ને ૨૧-૧૦, ૨૧-૧૮ થી હરાવ્યું

**પુરૂષો:** સાવન/ગોન્સ (ગોવા)એ પૂંથામિઝ/અભિથન(તામિલનાડુ)ને ૨૧-૧૮, ૧૬-૨૧, ૧૫-૧૨થી હરાવ્યા. ભારત/રાજેશ (તામિલનાડુ)એ રામકૃષ્ણ દાવસ્કર/નીતિન સાવંત (ગોવા)ને ૨૧-૧૩, ૧૯-૨૧, ૧૫-૮થી હરાવ્યા.

### ટાઈફોઈડના કેસોમાં ચિંતાજનક ઉછાળા

# ગાંધીનગરમાં ટાઈફોઈડનો કહેર, કુલ આંકડો ૧૬૭ પર પહોંચ્યો

## છેલ્લા ૨૪ કલાકમાં જ નવા ૧૪ પોઝિટિવ કેસ સામે આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર,તા.૦૮**




ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટાઈફોઈડના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ટાઈફોઈડનો પ્રકોપ એટલી હદે વધ્યો છે કે કુલ કેસોની સંખ્યા હવે ૧૬૭ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં જ નવા ૧૪ પોઝિટિવ કેસ સામે આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. જોકે, રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં ૧૮ દર્દીઓને સ્વસ્થ થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તેમ છતાં, વધતા જતા કેસોને જોતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે અને હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

બીજી તરફ, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે શહેરમાં પૂરૂ પાડવામાં આવતું પાણી પીવાલાયક અને શુદ્ધ છે. મનપા દ્વારા અત્યાર સુધીમાં પાણીના નમૂના લઈ ૧૦૦૦ થી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે તમામ રિપોર્ટ નેગેટિવ હોવાનું જણાવાયું છે.

જોકે, ગઈકાલના આંકડા મુજબ ૯ નવા કેસ નોંધાયા હતા અને હાલમાં પણ ૮૪ જેટલા દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. તંત્ર દ્વારા પાણીના સ્રોત તપાસવામાં આવી રહ્યા હોવા છતાં કેસ કેમ વધી રહ્યા છે તે એક મોટો પ્રશ્ન છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને પાણી ઉકાળીને પીવા અને પર્સનલ હાઈજીન જાળવવા અપીલ કરવામાં આવી છે.

# નકલી કૃષિ રસાયણોના વ્યાપક ફેલાવાથી ગુજરાતના ખેડૂતોએ હજારો કરોડ રૂપિયાનું નુકસાન ભોગવવું પડી રહ્યું છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૮**

એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ સમગ્ર ગુજરાતમાં બનાવટી અને ભેળસેળયુક્ત એગ્રોકેમિકલ્સના ઉત્પાદન અને વિતરણ સાથે સંડોવાયેલા વિશાળ અને સંગઠિત નેટવર્કનો ભાંડો ફોડ્યો છે. આ નેટવર્ક ખેડૂતોની આજીવિકા, ગ્રાહક સુરક્ષા તથા ભારતના કૃષિ અર્થતંત્ર સામે ગંભીર ખતરો ઊભો કરે છે.

ગુજપ્રો એગ્રીબિઝનેસ કન્સોર્ટિયમ પ્રોડ્યુસર કંપની લિમિટેડના સીઈઓ શ્રી કુલદીપસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, 'બનાવટી એગ્રોકેમિકલ્સ ભારતીય કૃષિ ક્ષેત્રને ચૂપચાપ નાશ કરી રહ્યા છે. નકલી પ્રોડક્ટ્સને અસલી તરીકે વેચવામાં આવતા ખેડૂતો પોતાનો બધો પાક અને આવકની ઋતુ ગુમાવે છે, જેના કારણે પરિવારો દેવામાં ડૂબી જાય છે.

એન્ફોર્સમેન્ટ એજન્સીઓની તાજેતરની કામગીરી રાજકોટમાં ૩૦ ડિસેમ્બરે હાથ ધરવામાં આવી હતી. ૨૦૨૫માં અમદાવાદમાં ૨૦ નવેમ્બરે, રાજકોટમાં ૧૨ ઓક્ટોબરે અને વધુ એક પગલામાં રાજકોટમાં ૧ સપ્ટેમ્બર સહિતની કરાયેલી વિવિધ એફઆઈઆર અને દરોડા પછી આ કામગીરી હાથ ધરાઈ હતી. આ પગલાંના પગલે પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ હોવાનું બતાવતી બનાવટી એગ્રોકેમિકલ કામગીરીઓના વધી રહેલા કદ અને પ્રસાર ધ્યાનમાં આવ્યો છે.

અનેક જપ્તીઓ અને ચાલી રહેલી તપાસ છતાં, એન્ફોર્સમેન્ટ એજન્સીઓનો અંદાજ છે કે ગેરકાયદેસર એગ્રોકેમિકલના વેપારનું પ્રમાણ રૂા. ૧,૦૦૦ કરોડથી વધુ હોઈ શકે છે. અધિકારીઓ માને છે કે, ઘણા ઓપરેટરો સક્રિય છે, સમગ્ર ભારતમાં એજન્ટો, વિતરકો અને રિટેલર્સના સ્તરીય નેટવર્ક દ્વારા કાર્યરત છેઅને નિયમનકારી દેખરેખથી બચવા માટે વ્યવહારોનો નોંધપાત્ર હિસ્સો રોકડમાં કરવામાં આવે છે. અધિકારીઓને રાજકોટને મુખ્ય કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે, જેમાં અંકલેશ્વરથી અનિયંત્રિત છૂટા બીજ અને લૂઝ એગ્રોકેમિકલ્સના ગેરકાયદેસર પ્રસાર થતો હોવાનું જણાયું છે.

# ભારતના દરિયાઈ ઈતિહાસમાં અદાણી મુન્દ્રા પોર્ટે ક્રૂડ ઓઈલ લોજિસ્ટિક્સમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો

## દેશમાં સૌ પ્રથમ વાર સંપૂર્ણ ભરેલા VLCCનું સફળ બર્થિંગ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૮**




મુંદ્રા પોર્ટે ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)એ તેના મુન્દ્રા બંદર પર ભારતના પ્રથમ વેરી લાર્જ ક્રૂડ કેરિયર (VLCC)ના સફળ બર્થિંગની ઉપલબ્ધિ હાંસલ કરી છે. માઉન્ટ ન્યૂ રેનોન, જહાજ ૩.૩ લાખ ક્યુબિક મીટરની વિશાળ કાર્ગો ક્ષમતા સાથે મુંદ્રા બંદર ઉપર બર્થ કરાયું હતું. મુંદ્રા ભારતનું પ્રથમ એવું બંદર છે જે આવા સંપૂર્ણ લોડેડ જહાજને સફળતાપૂર્વક હેન્ડલ કરે છે.

મુન્દ્રા બંદર ખાતે સંપૂર્ણપણે ભરેલા VLCCને સીધુ જેટી ઉપર સુરક્ષિત, ઝડપી, ખર્ચ-કાર્યક્ષમ રીતે બર્થ કરીને ક્રૂડ હેન્ડલિંગ પ્રદાન કરાયું. આ સિદ્ધિ ભારતની વિસ્તરતી ઉર્જા અને વેપાર મહત્વાકાંક્ષાઓ સાથે સુસંગત વિશ્વસ્તરીય અને ભવિષ્ય માટે તૈયાર માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે APSEZ ની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સંપૂર્ણપણે ભરેલા VLCCને સીધા જેટી બર્થિંગ વખતે અનેક પ્રકારની કાળજી રાખવી પડે છે. આ જહાજોના બર્થિંગ માટે વિશાળ ડ્રાફ્ટ ડિપ્લેસમેન્ટ અને સહાયક માળખાની જરૂરિયાતના કારણે વૈશ્વિકસ્તરે જૂજ બંદરો પર ઉપલબ્ધ છે. આ બેન્ચમાર્ક સાથે મુન્દ્રા પોર્ટનો વૈશ્વિક ક્રૂડ હેન્ડલિંગ હબના જૂથમાં સમાવેશ થયો છે. તે આંતરરાષ્ટ્રીય દરિયાઈ અને ઉર્જા નકશા પર ભારતની સ્થિતિને વધુ મજબુત બનાવે છે.

મુન્દ્રા પોર્ટ આંતરરાષ્ટ્રીય વેપાર અને ઊર્જા સુરક્ષામાં ભારતની વધતી જતી કુશળતાનો પુરાવો છે. તોફાની દરિયાઈ પરિસ્થિતિઓ અને પડકારજનક હવામાનમાં ધ માઉન્ટ ન્યૂ રેનોનનું બર્થિંગ મુશ્કેલ કાર્ય હતું. જોકે, APSEZ મુંદ્રાની મરીન ટીમ અને પોર્ટ મેનેજમેન્ટે તેમાં કુશળતા, સંકલન અને ઓપરેશનલ શ્રેષ્ઠતા દાખવી.

ભારતની સૌથી વ્યૂહાત્મક રિફાઈનિંગ અસેટ્સમાંની એક મુન્દ્રાની VLCC જેટ્ટી લગભગ ૪૮૯ કિલોમીટર લાંબી પાઈપલાઈન દ્વારા બાડમેર સ્થિત HPCL રિફાઈનરી સાથે જોડાયેલી છે. તે ભારતની ઉર્જા સુરક્ષા, મોટા પાયે ક્રૂડ આયાતની કાર્યક્ષમતા, સપ્લાય ચેઈનની સ્થિતિસ્થાપકતા તેમજ ગુજરાત અને રાજસ્થાનના આર્થિક વિકાસને વેગ આપે છે.

મુન્દ્રા સ્થિત ભારતની પ્રથમ VLCC જેટ્ટી પોર્ટ એન્જિનિયરિંગમાં અનેક રીતે મહત્વપૂર્ણ છે. તેની લંબાઈ ૪૦૦ મીટર, બર્થ પોકેટ ઊંડાઈ ૨૫ મીટર, LOA: ૩૩૩ મીટર અને મહત્તમ ૩૬૦,૦૦૦ મેટ્રિક ટન વિસ્થાપન ધરાવે છે. તેનો મહત્તમ ડ્રાફ્ટ ૨૧.૬ મીટર અને મહત્તમ ડિસ્ચાર્જ દર 10,000-12,000 $m^3$ પ્રતિ કલાક વચ્ચે છે. ચાર બ્રેસ્ટિંગ ડોલ્ફિન, ઉચ્ચ-ક્ષમતાવાળા હૂક (દરેક ૧૫૦ ટન SWL સુધી)થી સજ્જ છ મૂરિંગ ડોલ્ફિન અને મહાકાય જહાજો માટે અદ્યતન ફેન્ડર સિસ્ટમ્સનું દરિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે.

કચ્છના અખાતમાં સ્થિત મુન્દ્રા વ્યૂહાત્મક રીતે ઉત્તર અને પશ્ચિમ ભારત માટે મહત્વપૂર્ણ દરિયાઈ પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. ઓલ-વેધર બંદરમાં ૨૭ ઓપરેશનલ બર્થ, બે SPM અને વિવિધ શ્રેણીના કાર્ગોને હેન્ડલ કરવાની તેની ક્ષમતા છે.

મુન્દ્રા ભારતનું સૌથી મોટું કન્ટેનર હેન્ડલિંગ બંદર પણ છે, તે કન્ટેનર, આયાતી કોલસો અને વાણિજ્યિક કાર્ગો હેન્ડલિંગની ક્ષમતાઓમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરે છે. ૨૦૨૪-૨૫માં એક જ વર્ષમાં ૨૦૦ મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગોનું હેન્ડલ કરનાર તે ભારતમાં પ્રથમ પોર્ટ હતુ. મુન્દ્રા પોર્ટની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા માટે ૨૦૨૪ અને ૨૦૨૫ માટે વિશ્વ બેંકના કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI)માં માન્યતા આપવામાં આવી હતી.

VLCCનું આ સફળ બર્થિંગ ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવો અધ્યાય છે, જે દેશને વૈશ્વિક ક્રૂડ ઓઈલ લોજિસ્ટિક્સમાં એક પ્રબળ ખેલાડી તરીકે સ્થાન આપે છે.

# વલસાડના ફલધરામાં 'આદિવાસી આંગણે' તા.૧૧ જાન્યુઆરીએ લોકસંસ્કૃતિનો ભવ્ય મેળો યોજાશે

## આદિવાસી સમાજના લોકનૃત્ય, લોકગીત, લોકધૂનની ભવ્ય રજૂઆત થશે

**બાળકો વિસરાયેલી પરંપરાગત રમતો રમશે, પ્રાચીન પરંપરાગત આદિવાસી વાનગીનો મેળો ભરાશે**

**લોકજાગૃતિના સંદેશા સાથે લોક કલાકાર, સોશિયલ મીડિયાના આદિવાસી ઇન્ફ્લ્યુએન્સર-યુટ્યુબર પરફોર્મન્સ આપશે**

### લોક ગીત-લોકનૃત્ય અને વિસરાયેલી પરંપરાગત રમતો રમાડાશે

ફલધરાના પુરણેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં બનેલા 'આદિવાસી આંગણે' માદળ નૃત્ય, ઘેરીયા, તારપા નાચ, લગ્નગીત, ઠાકર્યા નૃત્ય, ઢોલ નાચ, માવલી માતાની પૂજા અને તુર હરીફાઈ જેવા પરંપરાગત લોકનૃત્યોની રજૂઆત પરંપરાગત કલાકારો દ્વારા જ થશે. ''આદિવાસી આંગણે'' આવનાર બાળકો પણ પોતાના મૂળ સાથે જોડાયેલા રહે માટે એમના મનોરંજનનો પણ ખ્યાલ રાખીને એમના માટે પરંપરાગત રમતો જેવી કે, લંગડી, પથરા, લખોટી-લખોટા, ગિલ્લી દંડા, કુંદાણિયું, સાત ઠીકરી, ચોસર, મુળી જેવી રમત રમાડવામાં આવશે.

### પરંપરાગત આરોગ્યપ્રદ વાનગીનો સ્વાદ માણવા મળશે

આદિવાસી આંગણે એક ખૂણામાં આદિવાસીના પારંપરિક ભોજન વાનગીના વિશેષ સ્ટોલ લગાડવામાં આવશે. આ પરંપરાગત વાનગીઓનું આરોગ્યપ્રદ પણ એટલી જ છે. પહેલાના વડીલો આ વાનગીઓ ખાઈને મજબૂત અને ખડતલ હતા અને લાંબુ અને સ્વસ્થ જીવન જીવતા હતા. પરંપરાગત વાનગીના સ્ટોલ લગાડનાર આદિવાસી બહેનોને પરંપરાને પુનર્જીવિત કરીને આવક પણ મેળવી શકશે. હવે બહુ ઓછી ખવાય છે એવી આદિવાસી વાનગીઓ પાનેલા, પીઠ્યુ, રસિયું, પેજવું -ચટણી, વાલનું શાક અને ચોખાના રોટલા, આંબિલ ભુજ્યુ નાગલીના રોટલા, મહુડાના ફૂલનું સૂપ, ગોળ-આંબલીનું શરબત, બૂરુંની ચા પીવા મળશે.

### આદિવાસી ઈનફ્લુએન્સરો અંધશ્રદ્ધા, વ્યસનમુક્તિ, સામાજિક દુષણો અંગે જાગૃતિ ફેલાવશે

નવી પેઢીના આદિવાસી સોશિયલ મીડિયા ઇનલયુએન્સર યુટ્યુબર પણ મોટી સંખ્યામાં હાજર રહેશે અને પોતાની કળા અને મનોરંજક પ્રસ્તુતિ દ્વારા સમાજ જાગૃતિના સંદેશ આપશે. એમાં અંધશ્રદ્ધા, વ્યસન મુક્તિ, આરોગ્ય, સામાજિક દુષણો જેવા કે વધુ ખર્ચા, મારામારી, આત્મહત્યા, છૂટાછેડા જેવા વિષયો અંગે જાગૃતિના સંદેશા આપશે.

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

વિસરાતી સંસ્કૃતિ, કળા, ભોજન અને રમતને પુનઃયાદ કરી નવી પેઢી સુધી પહોંચાડવાના એક અનોખા પ્રયત્નના ભાગરૂપે 'આદિવાસી આંગણે'ના નામે એક ભવ્ય મેળાનું આયોજન આગામી રવિવાર તા.૧૧ જાન્યુ. ૨૦૨૬ના રોજ વલસાડના ફલધરા ગામમાં પુરણેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં સમાજસેવી ડૉ.હેમંત પટેલ અને સમસ્ત ફલધરા ગામવાસીઓ દ્વારા કરાયું છે. આ અનોખા મેળામાં દક્ષિણ ગુજરાતમાં વસતા આદિવાસી સમાજના વિવિધ લોકગીત, લોકધૂન, લોકનૃત્યની જાણીતી મંડળીઓ હાજર રહેશે. આદિવાસી સમાજના જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર, યુટ્યુબર પણ મનોરંજનની સાથે સમાજ ઉપયોગી સંદેશ લોકોને આપશે.

ધરમપુરના જાણીતા તબીબ અને ફલધરાના રહીશ, જાણીતા સમાજસેવી ડૉ. હેમંત પટેલે પત્રકારો સાથેની ચર્ચામાં જણાવ્યું કે, પ્રવર્તમાન સમયમાં બીજા સમાજની જેમ અમારો આદિવાસી સમાજ પણ બદલાઈ રહ્યો છે. પણ અમારા મૂળ અમારી પરંપરા હજી પણ ખૂણે-ખૂણે જીવે છે. નવી પેઢી પાસે સોશિયલ મીડિયા છે તો અમારી જૂની પેઢી પાસે સમાજની સમજ છે. બે પેઢીને એક મંચ પર લાવીને જૂના સાથે નવાનું જોડાણ કરવા માટે જ અમે સમગ્ર ફલધરાના ગામવાસી અને આસપાસના ગામના અનેક લોકોએ એક આંગણું સજાવ્યું છે. આ 'આદિવાસી આંગણું' એ આદિવાસી લોકસંસ્કૃતિનું એક વિશેષ આંગણું બની રહેશે. આ શરૂઆત છે અને ગામના વડીલોના માર્ગદર્શન સાથે અમે દર વર્ષે આયોજન કરીને આ આયોજનને પરંપરા બનાવીશું. રવિવાર તા. ૧૧ જાન્યુઆરીની સાંજે ૬.૩૦ વાગ્યે આ અનોખા અવસરમાં સહભાગી થવા માટે સૌને જાહેર આમંત્રણ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.ટી.આર.અહલાવતના અધ્યક્ષસ્થાને

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરતમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૦૮

નવસારી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની ૧૪મી બેઠક નવસારી કૃષિ યુનિ.ના કુલપતિ ડૉ.ટી.આર.અહલાવતના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કેવિકેના વૈજ્ઞાનિકો, જિલ્લાના ખેતીવાડી, બાગાયત અને પશુપાલન વિભાગના અધિકારીઓ, ન.કૃ.યુનિ.ના સંશોધન તથા વિભાગના વડાઓ, પ્રગતિશીલ ખેડૂતો, એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, સ્વસહાય જૂથની પ્રગતિશીલ મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિ ડો.અહલાવતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓને બિરદાવી જણાવ્યું કે, સુરત જિલ્લાના છેવાડાના ગામોમાં કૃષિની આધુનિક યાંત્રિકતાઓનો પ્રચાર પ્રસાર સરાહનીય છે. યુનિ.ના વિવિધ સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવાના તેમજ દરેક ખેડૂતો આ સંશોધનો વિશે જાણે એ માટે વૈજ્ઞાનિકોને કાર્યો કરવા માટે સૂચનો કર્યા હતા.

વધુમાં તેમણે રીંગણની રોબોટીક કલમનો નિદર્શન થકી પ્રચાર પ્રસાર કરવા સૂચન કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂકયો હતો. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.આર.શર્માએ ઈમ્પેકટ સ્ટડી બનાવવા ઉપર ભાર મૂકયો હતો.

KVKના વડા ડૉ.જે.એચ.રાઠોડે બેઠકમાં ગત વર્ષ ૨૦૨૫નો કેન્દ્રનો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. ડૉ.રાઠોડે કેન્દ્રની વિવિધ તાલીમો, અગ્રીમ હરોળ નિદર્શનો, ટેરેસ ગાર્ડનીંગ, નેચરલ ફાર્મીંગ તેમજ જુદી જુદી વિસ્તરણ પ્રવૃત્તિઓ, સાફલ્યગાથાઓ તેમજ કેન્દ્રએ મેળવેલી સિદ્ધિઓની વિસ્તૃત ચર્ચા કરી હતી.

બેઠકમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો તથા વિભાગના અધિકારીઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતા. ડૉ.આર.કે.પટેલે આભારવિધિ કરી હતી.

# વલસાડ જિલ્લામાં જાન્યુઆરી માસના સ્વાગત કાર્યક્રમ માટે તા.૧૦ જાન્યુઆરી સુધીમાં પ્રશ્નો મોકલી આપવા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ 'જિલ્લા સ્વાગત' તાલુકા સ્વાગત કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે-જાન્યુઆરી-૨૦૨૬ માસમાં સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

જાન્યુઆરી-૨૦૨૬ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૧/૦૧/૨૦૨૬ને બુધવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો/રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ 'મારી અરજી તાલુકા સ્વાગત/જિલ્લા સ્વાગતમાં લેવી' તેવા મથાળા હેઠળ તા.૧૦/૦૧/૨૦૨૬ સુધીમાં બિનચૂક રજૂ કરવા વિનંતી છે.

ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ/તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૧/૦૧/૨૦૨૬ને બુધવારે જે-તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે, જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ઉપરોક્ત અરજીઓ પૈકી જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર અરજીઓનો જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારે કલેકટર કચેરી, વલસાડનાં સભાખંડમાં સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. આ કામે જે તે અરજદારોને કલેક્ટર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોર્ટ કેસ / સબ જ્યુડીશીયલ બાબતો / માહિતી અધિકારી હેઠળની અરજીઓ / સેવાકીય બાબતો / કોઇ ખાતાની નિમણુંકની બાબતો, સર્વિસ મેટર અને અરજદારની સહી વગરની અરજીઓ લેવામાં આવશે નહી, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી. સ્વાગત કાર્યક્રમમાં અરજદારશ્રી બેથી વધુ પ્રશ્નો રજૂ કરી શકશે નહી.

# વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા કોસંબામાં તાલુકા કક્ષાનો સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો

## જીવનશૈલી બદલવાથી જીવનમાં સર્વાંગી સુખાકારી મળે છે:જિલ્લા આયુર્વેદ અધિકારી







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર અને વલસાડ જિલ્લા પંચાયતના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા વલસાડ તાલુકાના કોસંબા ગામમાં પારધી ફળિયા ખાતે આવેલા રિલાયન્સ હોલમાં ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાના સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ઉર્વીબેન પટેલે આયુર્વેદ, હોમિયોપેથી અને યોગનું મહત્વ સમજાવ્યું હતું. સાથે સાથે જ જીવનશૈલી બદલવાથી જીવનમાં સર્વાંગી સુખાકારી મળે તે અંગે માહિતી આપી હતી. વધુમાં તેમણે ગામમાં કાર્યરત આયુર્વેખ દવાખાનામાં દરેક પ્રકારના રોગોની આયુર્વેદ સારવાર ઉપલબ્ધ હોઈ લાભ લેવા જણાવ્યું હતું.

ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનો પ્રચાર પ્રસાર કરી રહ્યા છે ત્યારે દરેક નાગરિકોએ આ પદ્ધતિને જીવનમાં અપનાવવી જોઈએ. સાથે જ તેમણે પોતાના આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિના અનુભવો પણ વર્ણવ્યા હતા. જિલ્લા આયુર્વેદ શાખાના વલસાડ તાલુકાના મેડિકલ ઓફિસરોશ્રીઓનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ ધારાસભ્યશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઘર આંગણાની વનસ્પતિ પ્રદર્શન, રસોડાના ઔષધ પ્રદર્શન, વિવિધ આયુર્વેદ અને હોમિયોપેથીના માહિતી સભર ચાર્ટ પ્રદર્શન, આયુર્વેદ આહાર વિહારના પેમ્પલેટ વિતરણ વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. સાથે જ રોગપ્રતિકારક શક્તિ વર્ધક અમૃત પેયનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત નાના બાળકો સ્વસ્થ રહે તે હેતુસર સુવર્ણ પ્રાશનના ટીપા પણ પીવડાવવામાં આવ્યા હતા.

તાલુકા કક્ષાના કેમ્પમાં ચામડીના રોગ, સ્ત્રી રોગ, બાળકોના રોગો, વૃદ્ધાવસ્થામાં થતા રોગ, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ, સાંધાના રોગ, હરસ મસા સહિતની વિવિધ બીમારીઓની લોકોએ સારવાર મેળવી બહોળા પ્રમાણમાં આ કેમ્પનો લાભ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી બ્રિજનાબેન પટેલ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન આર. પટેલ, તાલુકા પંચાયત સદસ્ય શ્રી સુનિલભાઈ જી. ટંડેલ, સરપંચ શ્રી કિરીટભાઈ ટંડેલ, ઉપસરપંચ શ્રીમતી કલ્પનાબેન એન. ટંડેલ અને આગેવાન શ્રી ગીરીશભાઈ ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના લીલાપોર ગામ દ્વારા શ્રી રવિદાસ ક્રિકેટ પ્રીમિયર લીગ યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

વલસાડ તાલુકાના લીલાપોર ગામ દ્વારા સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ ક્રિકેટ પ્રીમિયર લીગ સીઝન-૩નું સંજય ફાર્મ, ચીખલી મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનીષ પાવર્સ, ઓવાડા ૧૧, કીઆન ૧૧, રાંદેર રોયલ્સ, હિન્દુસ્તાની સ્ટાર, વરિયાવ સુપર કિંગ્સ, શીવ ૧૧ અને મહાકાલ ૧૧ ટીમોએ ભાગ લીધો હતો, એમાં કીઆન ૧૧ ફાઈનલ વિજેતા અને ઓવાડા ૧૧ રનર્સઅપ બની હતી.

પ્રીતેશભાઈ મેન ઓફ ધ સિરીઝ અને બેસ્ટ બોલર, વિરાટભાઈ બેસ્ટ બેસ્ટમેન, મેહુલભાઈ મેન ઓફ ધ મેચ બન્યા હતા. સમાજના આગેવાનો અને દાતાશ્રીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રોહિત સમાજના ખેલાડીઓને પ્રોત્સાહિત કરી વિજેતા અને રનર્સ અપ ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાપીના ગીતાનગરથી ૨૧ વર્ષીય જયશ્રી સોનવણે ગુમ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા. ૦૮



વાપીના ગીતાનગર ખાતે ટાંકી ફળિયા રોડ પર આવેલા સનવિહાર એપાર્ટમેન્ટના ફલેટ નં. ૩૦૭ માં રહેતી ૨૧ વર્ષીય જયશ્રી ભગવાન સોનવણે તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગઈ હતી. પરિવારજનોએ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. ગુમ થનાર જયશ્રી શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જે મરાઠી અને હિન્દી ભાષા જાણે છે. શરીરે બ્લ્યુ કલરનો ડ્રેસ અને લાલ કલરનો પેન્ટ પહેર્યો હતો. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે ફોન નં. ૬૩૫૯૬૨૬૧૨૫ તથા પોલીસ કંટ્રોલ રૂમના ટેલિફોન નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩ તથા ઈમેલ એડ્રેસ polstn-vapi-val@gujarat.gov.in ઉપર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# કપરાડાના આસલોણા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના આસલોણા ગામમાં નેશનલ મિશન હેઠળ બી.આર.સી યુનિટ ખાતે પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ધીરેન પટેલ અને બ્લોક ટેકનોલોજી મેનેજર પ્રીતેશ પટેલ તેમજ કમ્યુનિટી રિસોર્સ પર્સન મોહનભાઈ ભોયા અને કૃષિ સખી દક્ષાબેને હાજર રહી ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કઈ રીતે થઈ શકે તે માટે શાકભાજી પાકમાં જીવામૃત, ઘન જીવામૃત, ખાટી છાશ અને અર્ક ના શું ફાયદા થાય તે અંગે માહિતી આપી હતી.

વધુમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પાંચ આયામનો કઈ રીતે ઉપયોગ કરી શકાય એની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. જેમાં જીવામૃત, ઘન જીવામૃત બનાવવાની રીત અને તેના ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ઉત્પાદનમાં પણ વધારો જોવા મળે છે એવી સમજ આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી કરવાથી ઝેરમુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી દરેક લોકોનું સ્વાસ્થ્ય સારું રહે એ માટે પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

# કપરાડા તાલુકાના મેણધા ગામનો ૪૦ વર્ષીય રંગુ રાઉત કરવડથી ગુમ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮



વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વેરી ભવાડા ગામમાં મેણધા ખડીપાડા ફળિયા ખાતે રહેતા ૪૦ વર્ષીય રંગુભાઈ સોમાભાઈ રાઉત તા.૩૦/૧૨/૨૦૨૫ના રોજ સવારે આઠ વાગ્યા દરમિયાન કરવડ ગામમાં આવેલા પેટ્રોલપંપની પાછળ સલીમભાઈના ભંગારના ગોડાઉનમાંથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયા હતા. જેઓ માનસિક રીતે બિમાર છે. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ ડુંગરા પોલીસ મથકે જાણ કરી હતી.

ગુમ થનાર રંગુભાઈ રાઉત શરીરે પાતળા બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. શરીરે લાલ કલરની ટીશર્ટ પહેરેલી છે જેના ઉપર અંગ્રેજીમાં તાંબોલી લખેલું છે. બ્લેક કલરનું પેન્ટ પહેરેલુ છે. જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાપી રેલવે સ્ટેશને ગુજરાત એક્સપ્રેસની અડફેટે અજાણ્યા યુવકનું મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૦૮

વાપી રેલવે સ્ટેશનથી દક્ષિણ દિશામાં કિ.મી. નં. ૧૬૯/૨૦-૨૨ની વચ્ચે તા. ૨૮/૧૨/૨૫ ના રોજ કલાક ૯:૫૫ વાગ્યાના સુમારે એક અજાણ્યો ૩૫ થી ૪૦ વર્ષીય શખ્સ ગુજરાત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જઈ મોતને ભેટ્યો હતો. જે શરીરે પાતળો બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેણે સફેદ કલરનું કાળા કલરની પ્રિન્ટની ડિઝાઈનવાળુ શર્ટ પહેર્યુ હતું. જે શર્ટ ઉપર અંગ્રેજીમાં BRIGHT LOOK લખેલું છે. કમરે બ્રાઉન કલરનો હાફ પેન્ટ પહેર્યો હતો. જેના માથા અને દાઢીના વાળ કાળા છે. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસોની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે જાણ કરવા માટે અખબાર યાદીમાં જણાવાયુ છે.

## વર્તમાન પ્રવાહ તંત્રી લેખ

# આતંકવાદની પરિભાષાને માત્ર હિંસા સુધી સીમિત રાખી શકાય નહીં

દેશમાં આતંકવિરોધી નીતિમાં કોઈ પણ જાતની બાંધછોડ ન કરવાનાં વલણને હવે સર્વોચ્ચ અદાલતે પણ સ્વીકૃતિ આપી દીધી છે. દિલ્હીનાં તોફાનોના કેસમાં અદાલતે આરોપી ઉમર ખાલિદ અને શરજિલ ઈમામની જામીન અરજીને સ્પષ્ટ રીતે નકારી કાઢીને આ ગંભીર કેસમાં દિલ્હી પોલીસના મજબૂત આરોપનામાને પણ સીધી સ્વીકૃતિ આપી છે. દિલ્હીનાં કોમી તોફાનોમાં ઉશ્કેરણી અને દેશવિરોધી કાવતરાંના આરોપોનો સામનો કરી રહેલા આ બંને યુવાનની જામીન અરજીને નકારી કાઢતાં સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, આતંકી કૃત્યોને માત્ર હિંસા સુધી મર્યાદિત રાખી શકાય નહીં. આ અર્થઘટનમાં આવશ્યક સેવાઓને અંતરાય અને અર્થતંત્ર માટેના જોખમની પરિભાષાનો પણ સમાવેશ થાય છે. અદાલતના આ આદેશથી સ્પષ્ટ થાય છે કે, કોઈનાથી ભરમાઈ જવાના કે કાવતરું રચવાના કેટલા ગંભીર પરિણામ આવી શકે છે. સુપ્રીમ કોર્ટે આ આરોપીઓની જામીન અરજી પરની સુનાવણી અને ચુકાદા દરમ્યાન આતંકી હુમલા અને કૃત્યોનાં અર્થઘટનને વધુ વ્યાપ આપ્યો છે. અદાલતે અન્ય બે મહિલા સહિત અન્ય પાંચ આરોપીને ૧૨ શરતે જામીન મંજૂર કર્યા હતા, પણ ઉમર ખાલિદ અને શરજિલ ઈમામની અરજીના સંદર્ભમાં અદાલતે કહ્યું કે, તમામ આરોપીઓની સાથે એક સમાન વલણ લઈ શકાય નહીં. હવે આ બંને આ મામલામાં એક વર્ષ સુધી જામીન અરજી કરી શકશે નહીં. આ બંને મુખ્ય આરોપીની સામે દિલ્હીનાં તોફાનોના સંદર્ભમાં મોટાં કાવતરાંના કેસમાં અદાલતે આ ચુકાદો આપ્યો છે. આ બંને સામે કેસમાં આતંકવાદ વિરોધી કાયદા તળે ગુનો નોંધાયો છે. અદાલતે એમ પણ કહ્યું છે કે, શરજિલ ઈમામ અને ઉમર ખાલિદની ભૂમિકા આખા પ્રકરણમાં અન્યોની સરખમણીએ સાવ અલગ અને ગંભીર પ્રકારની છે. તેમની સામેના પ્રથમદર્શી આરોપ સાચા જણાઈ રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું કે, લાંબા સમયથી જેલમાં બંધ હોવાની બાબત જામીન માટે આધાર બની શકે નહીં. આ કેસમાં સર્વોચ્ચ અદાલતનો નિર્ણય સંખ્યાબંધ રીતે મહત્ત્વ ધરાવે છે. એક તો આતંકવાદ વિરોધી કાયદાની કલમ ૪૩ડી(૫) હેઠળ જામીનની જોગવાઈઅવો વધુ સ્પષ્ટ થાય છે, તેની સાથોસાથ આ નિર્ણય આતંકવાદ અને હિંસાની વિરુદ્ધ સરકારની નીતિ-રીતિને મજબૂત મળી છે. અદાલતે જે રીતે સ્પષ્ટ કર્યું છે કે, આતંકવાદની પરિભાષાને માત્ર હિંસા સુધી સીમિત રાખી શકાય નહીં તેનાથી સરકારનાં વલણને વધુ સ્વીકૃતિ મળી છે. ઉલ્લેખનીય છે કે, આખાં પ્રકરણમાં આરંભથી જ દેશવિરોધી વલણને ઉશ્કેરતા તત્ત્વો ફરી વિરોધમાં સફાળા જાગ્યા છે. દિલ્હીની જેએનયુમાં તરત જ ઉમર અને શરજિલની તરફેણમાં દેખાવો થયા જેમાં ફરી દેશવિરોધી લાગણીઓ વ્યક્ત થવા લાગી છે, તો આ મામલમાં માનવ અધિકારના કહેવાતા હિમાયતીઓ પણ ફરી સક્રિય બની શકે તેમ છે. સ્પષ્ટ છે કે, આવા તત્ત્વોની માટે ન્યાયતંત્રના આદેશને માન આપવાની જરા પણ ખેવના જણાતી નથી. આવનારા સમયમાં આ આદેશની સામે વધુ વિરોધ થાય તો સરકારે તેની સામે કડક કાર્યવાહીમાં જરા પણ પાછીપાની કરવી જોઈએ નહીં.

## રમત બંધ પણ ધંધો તો ચાલશે!

# બાંગ્લાદેશ દ્વારા ભારત સાથે ૧,૮૦,૦૦૦ ટન ડીઝલ માટે ડીલ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

સીમા વિવાદ અને લઘુમતીઓ પરના હુમલા જેવા ગંભીર મુદ્દાઓને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજકીય સંબંધોમાં ખટાશ જોવા મળી રહી છે, પરંતુ જ્યારે વાત દેશની




'લાઈફલાઈન' એટલે કે ઊર્જાની આવે છે, ત્યારે બાંગ્લાદેશ આજે પણ ભારતને જ એક વિશ્વસનીય ભાગીદાર માને છે.બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (BPC)એ વર્ષ ૨૦૨૬ માટે ભારતની સરકારી તેલ કંપની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ(NRL) પાસેથી ૧,૮૦,૦૦૦ મેટ્રિક ટન ડીઝલ આયાત કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ આખા સોદાનો અંદાજિત ખર્ચ ૧૪.૬૨ અબજ ટકા(અંદાજે ૧૧૯.૧૩ મિલિયન ડોલર) નક્કી કરવામાં આવ્યો છે. કિંમતના માળખાની વાત કરીએ તો, આ સોદો ૮૩.૨૨ ડોલર પ્રતિ બેરલની બેઝ પ્રાઈસ પર ૫.૫૦ ડોલરના પ્રીમિયમ સાથે નક્કી થયો છે, જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થતા ઉતાર-ચઢાવ મુજબ અંતિમ કિંમતમાં ફેરફાર થઈ શકે છે.આ ઉર્જા સહયોગને સફળ બનાવવા માટે 'ભારત-બાંગ્લાદેશ મૈત્રી પાઈપલાઈન' એક મજબૂત સેતુ તરીકે કાર્ય કરી રહી છે. આસામ સ્થિત NRLની રિફાઈનરીમાંથી ડીઝલને પ્રથમ સિલીગુડી લાવવામાં આવશે અને ત્યાંથી આ પાઈપલાઈન દ્વારા સીધું બાંગ્લાદેશ પહોંચાડવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩માં શરૂ થયેલી આ પાઈપલાઈન ટેકનોલોજીને કારણે પરિવહન વ્યવસ્થામાં મોટો બદલાવ આવ્યો છે; અગાઉ રેલવે વેગન દ્વારા થતી આયાતની તુલનામાં હવે સમય અને પરિવહન ખર્ચ બંનેમાં નોંધપાત્ર બચત થઈ રહી છે, જે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવે છે.૬ જાન્યુઆરીએ ઢાકામાં મળેલી સરકારી ખરીદ સલાહકાર સમિતિની બેઠકમાં આ મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. ઉર્જા સલાહકાર મુહમ્મદ ફૌઝુલ કબીર ખાને સ્પષ્ટ કર્યું હતું કે, આ આયાત અગાઉની સરકાર દ્વારા કરાયેલા ૧૫ વર્ષના લાંબા ગાળાના કરાર હેઠળ થઈ રહી છે.નિષ્ણાતો માને છે કે સીમા વિવાદ અને અન્ય રાજકીય મતભેદો હોવા છતાં, બાંગ્લાદેશ માટે ભારત પાસેથી ઊર્જા મેળવવી તે આર્થિક દૃષ્ટિએ અનિવાર્ય છે. આ સોદો સાબિત કરે છે કે વ્યૂહાત્મક જરૂરિયાતો ઘણીવાર રાજકીય તણાવ કરતા પણ વધુ મહત્ત્વની હોય છે.

# ૯ જાન્યુઆરી, 'પ્રવાસી ભારતીય દિવસ'

ભારતમાં દર વર્ષે નવમી જાન્યુઆરીનાં દિવસે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વર્ષ ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ




પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળનાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસએ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોના ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યક્તિ, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરાઈ છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીયોને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકો વધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબૂત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ન કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પૂંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# પોતાનાં પાપોને લીધે લાંબા સમય સુધી નરકોનું દુ:ખ ભોગવવું પડે છે

હવે પુનરૂક્તિ કરીને અર્જુન(૧/૪૩)માં કહે છે કે..

દોષૈરેતૈ: કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈ:
ઉત્સાદ્યન્તે જાતિધર્મા: કુલધર્મા? શાશ્વતા:

આ વર્ણસંકર પેદા કરનારા દોષોથી કુળઘાતીઓના સનાતન કુળધર્મો અને જાતિધર્મો નષ્ટ થઈ જાય છે. યુદ્ધમાં કુળનો નાશ થવાથી કુળની સાથે ચાલતા આવેલા કુળધર્મોનો નાશ થઈ જાય છે. કુળધર્મોના નાશથી કુળમાં અધર્મનો વધારો થઈ જાય છે. અધર્મ વધવાથી સ્ત્રીઓ દૂષિત થઈ જાય છે. સ્ત્રીઓ દૂષિત થવાથી વર્ણસંકર જન્મે છે. આ રીતે આ વર્ણસંકર પેદા કરનારા દોષોથી કુળનો નાશ કરવાવાળાઓના જાતિધર્મો નાશ પામે છે. કુળધર્મો અને જાતિધર્મો શું છે? એક જ જાતિમાં એક કુળની જે પોતાની જુદી જુદી પરંપરાઓ છે, જુદી જુદી મર્યાદાઓ છે, જુદાં જુદાં આચરણો છે, એ બધા એ કુળના કુળધર્મો કહેવાય છે. એક જ જાતિનાં બધા જ કુળોના સમુદાયને લક્ષ્યમાં રાખીને જેને ધર્મ કહેવામાં આવે છે એ બધા જાતિધર્મો એટલે વર્ણધર્મો કહેવાય છે કે જે સામાન્ય ધર્મો છે અને શાસ્ત્રવિધિથી નક્કી કરેલ છે. આ કુળધર્મોનું અને જાતિધર્મોનું પાલન નહી થવાથી એ ધર્મો નાશ પામે છે.

ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન
નરકેડનિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ

હે જનાર્દન! જેમના કુળધર્મો નષ્ટ થઇ ગયા હોય એવા મનુષ્યોનો ઘણા સમય સુધી નરકમાં વાસ થાય છે એવું અમે સાંભળતા આવ્યા છીએ.(૧/૪૪)

આ શ્લોકમાં ભગવાન માટે જનાર્દન શબ્દનો પ્રયોગ થયો છે. જનાર્દન એટલે જે દુષ્ટ રાક્ષસોનો નાશ કરે તેને જનાર્દન કહેવાય. ભગવાન રાક્ષસો-દૈત્યો વગેરે દુષ્ટજનોનો સંહાર કરે છે તેથી લોકો ભયમુક્ત થાય છે. લોકોને ભયમુક્ત કરાવે તેને ભગવાન કહેવાય. ભય સકારણ હોય છે. સંસારમાં હંમેશાં દૈત્યો-રાક્ષસો કે તેમના જેવા ગુંડા લોકોને ત્રાસ આપતા રહે છે. લોકો પોતે પોતાનું રક્ષણ કરી શકતા નથી કારણ કે તે રાક્ષસોનો સામનો કરી શકતા નથી. તેવા સમયમાં પ્રજા ત્રાહિ ત્રાહિ કરતી હોય છે. આવી પ્રજાને પરાક્રમ દ્વારા ભયમક્તિ અપાવે તેને ભગવાન કહેવાય. ભગવાન અહિંસાવાદી ના હોય, તે હિંસાવાદી પણ ના હોય પણ વીરતાવાદી હોય. વીરતાવાદનો અર્થ થાય છે હિંસક રાક્ષસોની સામે ઝઝુમવું, તેમનો નાશ કરવો, પ્રજાને શાંતિ આપવી.


ભગવાને મનુષ્યને વિવેક આપ્યો છે, નવું કર્મ કરવાનો અધિકાર આપ્યો છે. આ કારણે એ કર્મ કરવામાં અથવા નહીં કરવામાં, સારૂં કરવામાં કે ખરાબ કરવામાં સ્વતંત્ર છે. આથી એણે હંમેશાં વિવેક-વિચારપૂર્વક કર્તવ્યકર્મો કરવાં જોઈએ પરંતુ માણસો સુખભોગ વગેરેના લોભમાં આવીને પોતાના વિવેકનો અનાદર કરી દે છે અને રાગ-દ્રેષને વશ થઈ જાય છે જેથી એમનાં આચરણો શાસ્ત્ર અને કુળની મર્યાદાની વિરૂદ્ધ થવા લાગે છે. ફળસ્વરૂપે આ લોકમાં એમની નિંદા, અપમાન અને તિરસ્કાર થાય છે અને પરલોકમાં દુર્ગતિ,



**ગીતામૃતમ્**

**વિનોદભાઈ માછી નિરંકારી**
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

નરકોની પ્રાપ્તિ થાય છે. પોતાનાં પાપોને લીધે એમને લાંબા સમય સુધી નરકોનું દુ:ખ ભોગવવું પડે છે. આવું અમે પરંપારથી મોટા અને વૃદ્ધ ગુરૂજનો પાસેથી સાંભળવા




આવ્યા છીએ. મનુષ્યાણાં પદમાં કુળઘાતીઓ અને એમના કુળના બધા મનુષ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે એટલે કે કુળઘાતીઓના પહેલાં જેઓ થઈ ગયા છે તે પિતૃઓનો, પોતાનો અને ભવિષ્યમાં થનારા વંશનો સમાવેશ કરવામાં આવ્યો છે.

યુદ્ધથી થનારી અનર્થ પરંપરાના વર્ણનની અર્જુનના પોતાના ઉપર શું અસર પડી? એને આગળના શ્લોક(૧/૪૫)માં બતાવે છે.

અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્
યદ્રાજ્યસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતા:

આ મોટા આશ્ચર્ય અને દુ:ખની વાત છે કે અમે લોકો મોટું પાપ કરવા તત્પર થયા છીએ અને તે પણ કે જે રાજ્ય અને સુખના લોભે પોતાના સ્વજનોને હણવા તૈયાર થયા છીએ!

આ દુર્યોધન વગેરે દુષ્ટ છે, એમની ધર્મ ઉપર દ્રષ્ટિ નથી, એમના ઉપર લોભ સવાર થયો છે. આ કારણે એ યુદ્ધ માટે તૈયાર થઈ જાય એ કોઈ આશ્ચર્યની વાત નથી પરંતુ અમે તો ધર્મ-અધર્મને, કર્તવ્ય-અકર્તવ્યને અને પાપ-પુણ્યને જાણવાવાળા છીએ. એવા જાણકાર હોવા છતાં અજાણ્યા માણસોની જેમ અમે ઘોર પાપ કરવાનો નિશ્ચય-વિચાર કરી લીધો છે, એટલું જ નહીં યુદ્ધમાં પોતાનાં સ્વજનોને મારવા માટે અસ્ત્ર-શસ્ત્ર લઈને તૈયાર થયા છે. આ અમારા માટે ઘણા મોટા આશ્ચર્યની અને દુ:ખની વાત છે. અમારી જે જાણકારી છે, અમે શાસ્ત્રોમાંથી જે સાંભળ્યું છે, ગુરૂજનો મારફતે જે શિક્ષણ મેળવ્યું છે, પોતાના જીવનને સુધારવાનો જે વિચાર કર્યો છે-એ બધાનો અનાદર કરીને આજે અમે યુદ્ધરૂપી પાપ કરવાનો વિચાર કરી લીધો છે-એ ઘણું મોટું પાપ છે. પાપ કરવાના નિશ્ચયમાં અને સ્વજનોને મારવા માટે તૈયાર થવામાં માત્ર રાજ્યનો અને સુખનો લોભ જ કારણ છે.

જો યુદ્ધમાં અમારો વિજય થશે તો અમોને રાજ્ય અને વૈભવ મળી જશે, અમારો આદર-સત્કાર થશે, અમારૂં ગૌરવ વધી જશે, સમગ્ર રાજ્ય ઉપર અમારો પ્રભાવ રહેશે, બધી જગ્યાએ અમારો હુકમ ચાલશે, અમારી ધન હોવાથી અમે મનવાંછિત ભોગસામગ્રી ભેગી કરી લઈશું પછી ખુબ આરામ કરીશું, સુખ ભોગવીશું -આ પ્રમાણે અમારી ઉપર રાજ્ય અને સુખનો લોભ છવાઇ ગયો છે જે અમારા માટે અયોગ્ય છે.

અર્જુન એ કહેવા માંગે છે કે પોતાના સારા વિચારોનો અને પોતાની જાણકારીનો આદર કરવાથી જ શાસ્ત્ર, ગુરૂજનોની અને સિદ્ધાંતોની સારી-સારી વાતોને સાંભળીને પણ એને ધારણ નથી કરી શકતો. પોતાના સારા વિચારોનો વારંવાર અનાદર અને તિરસ્કાર કરવાથી સદ્‌વિચારોની સૃષ્ટિ બંધ થઈ જાય છે, પછી મનુષ્યને દુર્ગુણ-દુરાચારથી રોકવાવાળું હોય છે જ કોન? એવી જ રીતે આપણે પણ પોતાની જાણકારીનો આદર કરીશું નહીં તો પછી આપણને અનર્થ પરંપરાથી કોઇ રોકી શકતું નથી.

## નિફટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટ અતિ મહત્વની સપાટી...!!!

# નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪%ના દરથી વધવાનો અંદાજ છે

**બીએસઈ સેન્સેક્સ:-** ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૪૯૬૧ સામે ૮૪૭૭૮ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૮૪૧૧૦ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો,દિવસ દરમ્યાન સરેરાશ ૮૫૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૭૮૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૪૧૮૦ પોઈન્ટ બંધ થયેલ.

**નિફટી ફ્યુચર:-** ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફ્યુચર આગલા બંધ ૨૬૩૨૫ સામે ૨૬૧૯૦ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૫૯૬૫ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો, સરેરાશ ૨૪૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફ્યુચર ૨૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૯૬૫ પોઈન્ટ બંધ થયેલ.

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...**

જીઓપોલિટીકલ ટેન્શન વધતાં વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં આજે સતત ચોથા દિવસે ફંડોનું ઓફલોડિંગ થયું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દેશો કબજે કરવાની સામે વિશ્વના ઉહાપોહ-આક્રોશ છતાં ટસના મસ નહીં થતાં જીઓપોલિટીકલ ટેન્શન સતત વધી રહ્યું હોઈ વૈશ્વિક બજારોમાં સાવચેતી વચ્ચે ભારતીય શેર બજારોમાં પણ ફંડો ઈન્ડેક્સ બેઝડ સતત સાવચેત રહ્યા હતા. ભારતના જીડીપી વૃદ્ધિ માટેના નાણા વર્ષ ૨૦૨૬ માટેના -થમ એડવાન્સ અંદાજ ૭.૪%ના આવતાં એક તરફ પોઝિટીવ પરિબળ સામે હજુ ભારત પર ટેરિફ વધારવાની ટ્રમ્પની ચીમકીને લઈ ફંડો ઈન્ડેક્સ બેઝડ નવી મોટી




પોઝિશન લેવાથી દૂર રહ્યા હતા.

ઓટોમોબાઈલ, ઓઈલ-ગેસ શેરોમાં વેચવાલી સામે ફંડોએ આજે આઈટી-સોફટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરો તેમ જ કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી કરતાં બજારમાં મોટું ધોવાણ અટક્યું હતું. કોર્પોરેટ પરિણામોની પણ આજે બજારમાં સ્ટોક સ્પેસિફિક પોઝિટીવ, નેગેટીવ અસર જોવાઈ હતી. આ સાથે હેલ્થકેર, કેપિટલ ગુડ્ઝ શેરોમાં પણ પસંદગીની ખરીદી રહી હતી. સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ઘટાળા બાદ રિકવરી અને સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના ઘણા શેરોમાં આરંભમાં વ્યાપક વેચવાલી બાદ ઘટાડે ફંડો, ખેલંદાઓએ પસંદગીની ખરીદી કરતાં કેટલાક શેરોમાં રિકવરી જોવા હતી. અલબત ઘટનાર શેરોની સંખ્યા આજે પણ વધુ રહી હતી.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ગુરુવારે શરૂઆતના વેપારમાં ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે નબળો પડ્યો, જેના કારણે વિદેશી ભંડોળનો સતત પ્રવાહ, વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને સંભવિત યુએસ ટેરિફ વધારાની ચિંતાઓ જોવા મળી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે રૂ.૧૫૨૭.૭૧ કરોડના ઈક્વિટી વેચ્યા, એમ એક્સચેન્જ ડેટા દર્શાવે છે. એનએસઓ દ્વારા જાહેર કરાયેલા પ્રથમ એડવાન્સ અંદાજ મુજબ ભારતનું અર્થતંત્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૭.૪%ના દરે વૃદ્ધિ પામશે, જે પાછલા વર્ષના ૬.૫%ના વિકાસથી નોંધપાત્ર પ્રવેગક છે, તેમ છતાં, આરબીઆઈ એ ચલણને ૯૦ ના સ્તરથી ઉપર લાવવા માટે ભારે હસ્તક્ષેપ કર્યો. આંશિક રીતે રૂપાંતરિત ચલણ હાલમાં ૯૦.૯૦ પર ટ્રેડ થઈ રહ્યું છે, જે બુધવારે તેના અગાઉના બંધ ૮૯.૮૭ થી ૩ પૈસા નબળું છે. ચલણ અનુક્રમે ૮૯.૯૮૫૦ અને ૮૯.૭૩ના ઉચ્ચ અને નીચલા સ્તરને સ્પર્શ્યું.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર આજે સોના-ચાંદીના બજારમાં રોકાણકારોને મોટો ઝટકો લાગ્યો છે. અગાઉની તેજી બાદ બજારમાં ભારે વેચવાલીનું દબાણ આવતા સોના અને ચાંદી બંનેના ભાવમાં મોટો કડાકો બોલી ગયો છે. ચાંદીમાં રૂા. ૭,૮૦૦થી વધુનો ઘટાડો નોંધાયો છે, જ્યારે સોનું પણ રૂા. ૧૧૦૦થી વધુ તૂટ્યું છે. દિવસ દરમિયાન ભારે વેચવાલીને કારણે ચાંદીનો ભાવ ગગડ્યો હતો. ઐતિહાસિક તેજી બાદ ભારે નફાવસૂલી (પ્રોફિટ-બુકિંગ) અને વૈશ્વિક બજારના નબળા સંકેતોને કારણે આ મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ મોટી ઉથલપાથલને કારણે રોકાણકારો હાલમાં સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે.

સેક્ટર મુવમેન્ટ... બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૯૯% ઘટીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૫% ઘટીને બંધ રહ્યા હતા. ઓટોમોબાઈલ,ઓઈલ-ગેસ, આઈટી-સોફટવેર સર્વિસિઝ એન્ડ ટેકનોલોજી અને હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ શેરોમાં ફંડોની આજે મોટી વેચવાલી રહી હતી. કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં પણ ફંડોએ ખરીદી કરી હતી.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૩૭૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૩૧૬૦ અને વધનારની સંખ્યા ૧૦૩૯ રહી હતી, ૧૭૪ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૧૯૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૭૦ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં આઈસીઆઈસીઆઈ બેંક ૦.૫૧%, એસબીઆઈ લાઈફ ૦.૪૫% વધ્યા હતા, જ્યારે જીન્દાલ સ્ટીલ ૦૫.૬૫%, અદાની ગ્રીન ૩.૫૪%, ટેક મહિન્દ્ર ૨.૮૯%, વોલ્ટાસ ૨.૬૦%, ભારત ફોર્જે ૨.૨૭%, ઓરબિંદો ફાર્મા ૨૫.૬૦%, બીએસઈ ૧.૯૭%, એચડીએફસી એએમસી ૧.૯૦%, એસબીઆઈ કાર્ડ્સ ૧.૬૮%, ગ્લેનમાર્ક ફાર્મા ૧.૬૩%, ઈન્ફોસિસ લીમીટેડ ૧.૫૬%, ગ્રાસીમ ૧.૫૩%, લ્યુપીન ૧.૨૫%, સન ફાર્મા ૧%ઘટ્યા હતા.

**બજારની ભાવિ દિશા....**

મિત્રો, ચાલું નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪%ના દરથી વધવાનો અંદાજ છે એટલે કે ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪% રહેવાની આશા છે. અમેરિકાના ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રનું સ્ટેટ્સ જાળવી રાખશે. સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા જારી ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કે એપ્રિલ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન જીડીપી ૭.૪% રહેશે. આ અંદાજ આરબીઆઇના ૭.૩%ના અંદાજ અને સરકારના અગાઉના ૬.૩ થી ૬.૮%ના અંદાજ કરતા વધારે છે. ઉલ્લેખનીય છે કે ગત નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ૬.૫% રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારતીય વસ્તુઓ પર ૫૦% ટેરિફ, વેપાર તંગદિલી વધવા અને મહત્ત્વપૂર્ણ નિકાસ સેક્ટરોમાં અવરોધનો ખતરો જેવા પડકારો છતાં ભારતીય અર્થતંત્ર ૭.૪%નાં દરે વિકાસ કરી રહ્યું છે તે એક મહત્ત્વપૂર્ણ બાબત છે.

જીઓપોલિટીકલ ટેન્શન ફરી વધતું જોવાઈ રહ્યું છે. અમેરિકાના વેનેઝુએલા પર હુમલા અને સત્તા પલટાની કવાયત અને બીજી તરફ ચાઈનાએ તાઈવાન પર કબજો જમાવવા શરૂ કરેલી કવાયતને લઈ ફરી જોખમી પરિબળો સર્જાયા છે. બીજી તરફ આર્થિક મોરચે એક પછી એક દેશો પોતાની રક્ષણાત્મક નીતિ અપનાવીને દેશના ઉદ્યોગોને સસ્તી આયાત સામે રક્ષણ આપવા ટેરિફ વધારાનો માર્ગ અપનાવી રહ્યા છે. જેમાં હવે ભારતે પણ સ્ટીલની આયાત મોંઘી બનાવી અને નિકાસોને અન્ય દેશોમાં પ્રોત્સાહનો માટેના પગલાં, પેકેજ જાહેર કરવાનું ચાલુ રાખ્યું છે. આ સાથે દેશમાં એમએસએમઈ ઉદ્યોગોન ધિરાણ પ્રોત્સાહનો આપીને દેશના મેઈક ઈન ઈન્ડિયા મિશનને આગળ વધારવા સરાહનીય પ્રયાસો થઈ રહ્યા છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### માઈકલ બેવનને પછાડીને રેકોર્ડ પોતાના નામે કર્યો

## રુતુરાજ ગાયકવાડે ક્રિકેટની દુનિયામાં રચ્યો ઈતિહાસ

### ગાયકવાડે લિસ્ટ A ક્રિકેટમાં સૌથી વધુ સરેરાશ મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮:** ભારતના સ્ટાર બેટ્સમેન રુતુરાજ ગાયકવાડે એ કારનામું કરી બતાવ્યું છે, જે અત્યાર સુધી વિશ્વનો કોઈ બેટ્સમેન કરી શક્યો નથી. તેણે લિસ્ટ-છ ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચ્યો છે. તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ ખેલાડી માઈકલ બેવનનો રેકોર્ડ તોડ્યો છે. ત્યારે આ લેખમાં ગાયકવાડે કયો રેકોર્ડ તોડ્યો છે, તેના વિશે આ લેખમાં જાણીશું. રુતુરાજ ગાયકવાડ હાલમાં વિજય હજારે ટ્રોફીમાં રમી રહ્યા છે. તેણે શાનદાર પ્રદર્શન કર્યું છે. રુતુરાજ ગાયકવાડે લિસ્ટ A ક્રિકેટમાં સૌથી વધુ સરેરાશ મેળવી છે. ગુરુવારે જ્યારે તેણે બીજી મેચ રમી ત્યારે તેની સરેરાશ ૫૮.૮૩ પર પહોંચી ગઈ. તેણે ફક્ત ૯૫ મેચમાં આ રેકોર્ડ હાંસલ કર્યો. અગાઉ લિસ્ટ A ક્રિકેટમાં આ રેકોર્ડ માઈકલ બેવનના નામે હતો. માઈકલ બેવને તેની કારકિર્દીમાં કુલ ૪૨૭ લિસ્ટ A મેચ રમી હતી અને તેની સરેરાશ ૫૭.૮૬ હતી. ત્યારબાદ ઈંગ્લેન્ડના સેમ હેનનો નંબર આવે છે. તેણે ૬૪ લિસ્ટ A મેચ રમી છે અને ૫૭.૭૬ની સરેરાશથી રન બનાવ્યા છે. જોકે, સેમે ૨૦૨૩ પછી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી.



માઈકલ બેવનને હજુ પણ તેના સમયનો એક મહાન ખેલાડી માનવામાં આવે છે. તેણે ૧૯૯૪માં રમવાની શરૂઆત કરી હતી અને ૨૦૦૪માં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. આનો અર્થ એ થયો કે તે લગભગ ૨૨ વર્ષ પહેલા નિવૃત્તિ લઈ ચૂક્યા છે. તેનો રેકોર્ડ હવે તૂટ્યો છે જે દર્શાવે છે કે આ કેટલો મુશ્કેલ રેકોર્ડ હતો. લિસ્ટ છ ક્રિકેટમાં ODI મેચનો સમાવેશ થાય છે, પછી ભલે તે વનડે ઈન્ટરનેશનલ હોય કે ડોમેસ્ટિક ટુર્નામેન્ટ મેચ. રુતુરાજ ગાયકવાડ વિજય હજારે ટ્રોફીમાં મહારાષ્ટ્ર તરફથી રમી રહ્યો છે. તેણે ગોવા સામે શાનદાર સદી ફટકારી હતી. ગાયકવાડે ૧૩૧ બોલમાં ૧૩૪ રનની શાનદાર ઈનિંગ રમી. તેણે પોતાની ઈનિંગમાં ૮ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા. અગાઉ જ્યારે તે ભારત માટે ODI રમ્યો હતો, ત્યારે તેણે શાનદાર સદી ફટકારી હતી. તેમ છતાં તેને ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ODI શ્રેણીમાં તક મળી નથી.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં ઓસી. ટોચ પર

## ઓસ્ટ્રેલિયાની જીત બાદ બદલાઈ ગયું WTC પોઈન્ટ ટેબલ

### સિડની ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને ૫ વિકેટે હરાવીને એશિઝ સિરીઝ ૪-૧થી જીતી લીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સિડની, તા.૦૮:** ઓસ્ટ્રેલિયાએ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૨૦૨૫-૨૬ એશિઝની અંતિમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૫ વિકેટથી હરાવીને શ્રેણી ૪-૧થી જીતી લીધી છે. આ સાથે કાંગારૂઓએ માત્ર એશિઝ ટ્રોફી જ નથી જીતી, પરંતુ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ઓસ્ટ્રેલિયાને અંતિમ દિવસે ૧૬૦ રનનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો, જે તેમણે સરળતાથી હાંસલ કરી લીધો. જોકે, ઈંગ્લેન્ડ માટે આ હારથી ડબ્લ્યુટીસી ચક્રમાં તેની મુશ્કેલીઓ વધી ગઈ છે. સિડની ટેસ્ટના અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૧૬૦ રનની જરૂર હતી. ઘરઆંગણાની પરિસ્થિતિનો સંપૂર્ણ લાભ ઉઠાવતા, કાંગારૂ બેટ્સમેનોએ અંગ્રેજી બોલરોને દબાણ આપવા દીધું નહીં. ટીમે ૩૧.૨ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધું. આ જીતથી સ્પષ્ટ થઈ ગયું કે ઓસ્ટ્રેલિયા ૨૦૨૫-૨૬ની એશિઝમાં દરેક પાસામાં ઈંગ્લેન્ડથી આગળ હતું. બોલિંગ હોય કે બેટિંગ, કાંગારૂ ટીમે સમગ્ર પ્રવાસ દરમિયાન સાતત્ય દર્શાવ્યું. આ જીત પછી ઓસ્ટ્રેલિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. ટીમે અત્યાર સુધી આઠ મેચ રમી છે, જેમાં સાત જીતી છે અને એક હારી છે. ઓસ્ટ્રેલિયાના કુલ ૮૪ પોઈન્ટ છે અને ૮૭.૫ પોઈન્ટ ટકાવારી છે, જે આ ચક્રમાં કોઈપણ ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. સતત મેચ જીતીને કાંગારૂ ટીમે ફાઈનલમાં પહોંચવાનો પોતાનો માર્ગ નોંધપાત્ર રીતે મજબૂત કર્યો છે.

WTC 2025-27માં ઈંગ્લેન્ડની ટીમનો પ્રવાસ અત્યાર સુધી અત્યંત નિરાશાજનક રહ્યો છે. ટીમે ૧૦માંથી ફક્ત ત્રણ મેચ જીતી છે, જ્યારે છ હારી છે, જેમાં એક મેચ ડ્રો છે. ઈંગ્લેન્ડના કુલ ૩૮ પોઈન્ટ છે અને પોઈન્ટ ટકાવારી ફક્ત ૩૧.૬૬ છે. એશિઝ હાર્યા પછી ઈંગ્લેન્ડની સ્થિતિ વધુ નબળી પડી ગઈ છે અને હવે તેમને તેમની આગામી મેચોમાં સતત જીતની જરૂર પડશે. ભારતીય ટીમ હાલમાં ડબ્લ્યુટીસી પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. ભારતે નવ મેચ રમી છે, જેમાં ચાર જીત, ચાર હાર અને એક ડ્રો છે. ટીમ ઈન્ડિયાના પોઈન્ટ ટકાવારી ૪૮.૧૫ છે. તો ન્યુઝીલેન્ડ ૭૭.૭૮ના પોઈન્ટ ટકાવારી સાથે બીજા સ્થાને છે. દક્ષિણ આફ્રિકા ૭૫.૬૭ ટકા પોઈન્ટ ટકાવારી સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે શ્રીલંકા ૬૬.૬૭ ટકા પોઈન્ટ ટકાવારી સાથે ચોથા સ્થાને છે. પાકિસ્તાન પાંચમા સ્થાને છે. બાંગ્લાદેશ અને વેસ્ટ ઈન્ડીઝ અનુક્રમે આઠમા અને નવમા સ્થાને છે.

### ૭ ચોગ્ગા, ૫ છગ્ગા, ૧૫ બોલમાં ફિફ્ટી...

## લિસ્ટ A ક્રિકેટમાં સરફરાઝ ખાનની ઐતિહાસિક બેટિંગ

### મુંબઈ અને પંજાબ વચ્ચે રમાયેલી મેચ રોમાંચક રહી, જ્યાં પંજાબે મુંબઈને સ્તબ્ધ કરીને ૧ રનથી જીત મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮:** વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫-૨૬માં ગુરુવારે મુંબઈ અને પંજાબ વચ્ચે રમાયેલી મેચ અત્યંત રોમાંચક રહી, જ્યાં પંજાબે મુંબઈને સ્તબ્ધ કરીને માત્ર ૧ રનથી જીત મેળવી હતી. એક સમયે એવું લાગી રહ્યું હતું કે મુંબઈ આ મેચ સરળતાથી જીતી જશે, પરંતુ પંજાબના બોલરોએ અંતિમ ક્ષણોમાં મેચનું પાસું પલટી નાખ્યું. આ હારને કારણે મુંબઈના સ્ટાર બેટ્સમેન સરફરાઝ ખાનનું ઐતિહાસિક અર્ધશતક પણ વ્યર્થ ગયું. તેણે પંજાબ સામે માત્ર ૧૫ બોલમાં ફિફ્ટી ફટકારી હતી, જે લિસ્ટ-એ ક્રિકેટમાં કોઈ પણ ભારતીય દ્વારા ફટકારવામાં આવેલું સૌથી ઝડપી અર્ધશતક છે.

૨૧૭ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈની ટીમને સારી શરૂઆત મળી હતી. ઓપનરોએ ૫૭ રન જોડ્યા બાદ, ત્રીજા નંબરે બેટિંગમાં આવેલા સરફરાઝ ખાને આવતાની સાથે જ મેદાનમાં તોફાન મચાવી દીધું હતું. તેણે ખાસ કરીને સ્પિનર અભિષેક શર્માની ૧૦મી ઓવરમાં ૩૦ રન ફટકારીને પોતાની ઈનિંગ્સને વિસ્ફોટક શરૂઆત આપી. સરફરાઝે માત્ર ૧૫ બોલમાં પોતાનું અર્ધશતક પૂર્ણ કરીને લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી અર્ધશતક ફટકારવાનો ભારતીય રેકોર્ડ પોતાના નામે કર્યો. સરફરાઝ ૬૨ રનના અંગત સ્કોર પર આઉટ થયો. તેણે પોતાની ૨૦ બોલની ઈનિંગમાં ૭ ચોગ્ગા અને ૫ ગગનચુંબી છગ્ગા ફટકાર્યા.

જ્યારે સરફરાઝ ખાન આઉટ થયો, ત્યારે મુંબઈનો સ્કોર ૧૪.૪ ઓવરમાં ૩ વિકેટે ૧૩૯ રન હતો અને જીત માટે માત્ર ૭૮ રનની જરૂર હતી. શ્રેયસ ઐયર, સૂર્યકુમાર યાદવ અને શિવમ દુબે જેવા સ્ટાર બેટ્સમેનો હજુ ક્રિઝ પર આવવાના બાકી હતા, ત્યારે એવું લાગી રહ્યું હતું કે મુંબઈ સરળતાથી મેચ જીતી જશે. જોકે, ૨૦૧ રનના સ્કોર પર શ્રેયસ ઐયરની છઠ્ઠી વિકેટ પડતાની સાથે જ મેચનું પાસું પલટાઈ ગયું. સ્પિનર મયંક માર્કન્ડેએ એક પછી એક વિકેટો ઝડપીને મુંબઈની આખી ટીમને ૨૧૫ રનમાં ઓલઆઉટ કરી દીધી અને પંજાબને ૧ રનથી અવિશ્વસનીય જીત અપાવી. આ રીતે, સરફરાઝ ખાનની રેકોર્ડબ્રેક અને ઐતિહાસિક ઈનિંગ્સ ટીમને જીત અપાવી શકી નહીં.

### બંગાળના મુખ્યમંત્રી પર EDનો આરોપ

## મમતા બેનર્જી બળજબરીપૂર્વક દસ્તાવેજો અને પુરાવા લઈ ગયા

**ED એ કોલકાતામાં જાણીતી પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACના દફતર અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૮**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોલકાતામાં જાણીતી પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACના દફતર અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે સ્થળ પર પહોંચતા ભારે હોબાળો મચી ગયો હતો.

હવે આ મામલે EDએ સત્તાવાર નિવેદન જાહેર કરીને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર તપાસમાં અવરોધ ઊભો કરવાનો અને પુરાવા નષ્ટ કરવાનો અત્યંત ગંભીર આરોપ લગાવ્યો છે. તપાસ એજન્સીએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'જ્યારે દરોડાની કાર્યવાહી ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી વિશાળ પોલીસ કાફલા સાથે અચાનક જ IPACના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. મુખ્યમંત્રી ત્યાંથી તપાસ માટે અત્યંત જરૂરી એવા મહત્ત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પોતાની સાથે લઈ ગયા છે. એટલું જ નહીં, ત્યારબાદ મમતા બેનર્જીએ IPACના દફતરમાં પણ જબરદસ્તી પ્રવેશ કર્યો હતો, જ્યાં પણ પુરાવાઓ સાથે છેડછાડ કરવામાં આવી છે.'

EDની તપાસ મુજબ, આ દરોડા કોલસાની હેરાફેરી અને તેના દ્વારા થયેલા હવાલા ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલા છે. તપાસમાં એવું સામે આવ્યું છે કે કોલસા કૌભાંડનો મોટો હિસ્સો 'શાકંભરી ગ્રૂપ ઑફ કંપનીઝ'ને વેચવામાં આવ્યો હતો અને તેમાંથી મળેલી રકમ હવાલા માર્ગે ફેરવવામાં આવી હતી. એજન્સીના રિપોર્ટ મુજબ, આ કૌભાંડમાં સામેલ એક શંકાસ્પદ વ્યક્તિએ પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACને કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાના પુરાવા મળ્યા છે. આ મની ટ્રેલ અને હવાલા કનેક્શનના કથિત જોડાણની ઊંડી તપાસ કરવા માટે જ EDએ પશ્ચિમ બંગાળના ૬ મહત્ત્વના શહેરો અને દિલ્હીના ૪ સ્થળોએ એકસાથે દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

દરોડા દરમિયાન કોલકાતા પોલીસ અને EDના અધિકારીઓ વચ્ચે પણ તણાવ જોવા મળ્યો હતો. સાઉથ કોલકાતાના ડેપ્યુટી કમિશ્નર અને ખુદ પોલીસ કમિશ્નર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઈડીના અધિકારીઓ પાસે તેમની ઓળખ અને સર્ચ વોરન્ટની માંગણી કરી હતી.

તૃણમૂલ કોંગ્રેસ(TMC)એ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે IPACને હાયર કરી છે, ત્યારે ચૂંટણી પહેલા જ આ કાર્યવાહીને કારણે બંગાળના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. EDએ આ મામલે કોર્ટ અથવા ઉચ્ચ સ્તરે ફરિયાદ કરવાની તૈયારી પણ દર્શાવી છે.

પશ્ચિમ બંગાળમાં આ અગાઉ પણ ED અને અન્ય કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીને લઈને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સામસામે આવી ચુકી છે. તૃણમૂલ કોંગ્રેસ દ્વારા અવારનવાર એવો આક્ષેપ કરવામાં આવે છે કે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ રાજકીય બદલાની ભાવનાથી કરવામાં આવી રહ્યો છે. પ્રતીક જૈન IPACના પ્રમુખ હોવાથી, જે સંસ્થા TMCની ચૂંટણી રણનીતિ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, આ દરોડાની અસર આગામી સમયમાં રાજ્યના રાજકારણ પર વધુ ઘેરી બને તેવી શક્યતા છે.

### મધ્યપ્રદેશથી લઈને હિમાચલ સુધી એલર્ટ

## ભારતના અનેક રાજ્યોની અદાલતોને બોમ્બની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

ગુજરાત બાદ હવે દેશના અન્ય રાજ્યોમાં પણ અદાલતોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. ગુરુવારે (આઠમી જાન્યુઆરી) બિહાર, મધ્ય પ્રદેશ, ઓડિશા અને હિમાચલ પ્રદેશ સહિત અનેક રાજ્યોની હાઈકોર્ટ અને જિલ્લા અદાલતોને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. સાવચેતીના ભાગરૂપે તમામ કોર્ટ પરિસરો ખાલી કરાવી સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

બિહારમાં પટના, ગયા અને કિશનગંજ જિલ્લા અદાલતોને નિશાન બનાવવામાં આવી છે. પટના સિવિલ કોર્ટમાં મળેલા ઈમેલમાં દાવો કરાયો હતો કે પરિસરમાં ઈદ્ઘઠ મૂકવામાં આવ્યું છે. ત્યારબાદ ન્યાયાધીશો અને વકીલો સહિત તમામ લોકોને તાત્કાલિક બહાર કાઢીને પીરબાહોર પોલીસે સર્ચ ઓપરેશન શરુ કર્યું છે. ગયા કોર્ટને છાવણીમાં ફેરવી દેવામાં આવી છે.

મધ્ય પ્રદેશની રીવા જિલ્લા અદાલત અને છત્તીસગઢની બિલાસપુર તથા રાજનાંદગાંવ કોર્ટમાં ધમકીભર્યા મેલ મળ્યો હતો. ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ દ્વારા ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી રહી છે. જો કે, હાલમાં, કોઈ પણ અદાલતે શંકાસ્પદ વસ્તુની શોધની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

શિમલા સ્થિત હિમાચલ પ્રદેશ હાઈકોર્ટ અને ઓડિશા હાઈકોર્ટના ઓફિશિયલ આઈડી પર ધમકીભર્યા મેસેજ મળ્યા હતા. હાઈકોર્ટ જેવી સંવેદનશીલ જગ્યાઓએ ધમકી મળતાં જજ અને વકીલોમાં ગભરાટ ફેલાયો હતો. હાલ આ વિસ્તારોને કોર્ડન કરી તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા કોર્ટ પરિસરના દરેક ઈંચની તપાસ કરવામાં આવી. પોલીસને કોઈ સુરાગ મળ્યો નથી. બીજી તરફ પંજાબમાં મોગા, રૂપનગર, શ્રી આનંદપુર સાહિબ અને ફિરોઝપુર જિલ્લા અદાલતોને ધમકી મળતા કામગીરી અટકાવી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ સિટી સિવિલ કોર્ટ, સુરત, ભરુચ, આણંદ અને રાજકોટની અદાલતોને પણ આવી જ રીતે ઈદ્ઘઠ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જો કે, તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી, પરંતુ સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી હતી. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ તમામ ઈમેલ કોઈ એક જ સોર્સ અથવા સર્વર પરથી મોકલવામાં આવ્યા છે? પ્રારંભિક દૃષ્ટિએ આ હોક્સ કોલ (ખોટી ધમકી) હોવાનું જણાય છે, પરંતુ ૨૬ જાન્યુઆરી નજીક હોવાથી એજન્સીઓ કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતી નથી.

### ટ્રમ્પના કારણે શેરબજાર કડડભૂસ!

## ૫૦૦ ટકા ટેરિફની ધમકી બાદ સેન્સેક્સમાં ૭૮૦ પોઈન્ટનો કડાકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૮**

ભારત અને અમેરિકા વચ્ચે સંબંધો વણસી રહ્યા છે. ત્યારે તેની સીધી અસર શેર બજાર પર જોવા મળી રહી છે. અમેરિકાની ટેરિફની ધમકીઓ વચ્ચે આજે શેર બજારમાં સતત ચોથા દિવસે કડાકો જોવા મળ્યો.

ગુરુવારે સેન્સેક્સમાં ૭૮૦ પોઈન્ટનો કડાકો થયો. જ્યારે નિફ્ટીમાં ૨૬૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો. આજે બપોરે સેન્સેક્સ ૮૪,૧૮૦.૯૬ પોઈન્ટ જ્યારે નિફ્ટી ૨૫,૮૭૬.૮૫ પર બંધ થયું. સૌથી મોટો કડાકો ઓઈલ અને મેટલ કંપનીઓના શેરમાં જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે ભારત મોટા પ્રમાણમાં રશિયાથી ઓઈલ ખરીદે છે. બીજી તરફ અમેરિકા સતત ભારતને ઓઈલ ન ખરીદવા દબાણ કરી રહ્યું છે. એવામાં અમેરિકામાં હવે નવું બિલ આવી રહ્યું છે. જે અનુસાર રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ ઝીંકવામાં આવશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય બાદ ભારતીય રોકાણકારોના ધબકારા વધ્યા છે. જો આ ટેરિફ લાગુ થાય તો ભારત-અમેરિકાના વેપારને જોરદાર ફટકો પડશે. અમેરિકામાં ભારતીય પ્રોડક્ટ્સના ભાવ આસમાને પહોંચી જશે. જેના કારણે ભારતીય વેપારીઓને મોટા નુકસાનની આશંકા છે. જોકે અમેરિકાની આ ધમકીઓ હજુ સુધી ભારતની કેન્દ્ર સરકારે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## વંદે ભારત સ્લીપરને પછાડશે આ ટ્રેન! વીજળી-ડીઝલ નહીં હાઈડ્રોજનથી ચાલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

ભારતીય રેલવે પર્યાવરણને બચાવવા અને ટેકનોલોજીમાં વિશ્વને ટક્કર આપવા માટે એક ક્રાંતિકારી પગલું ભરી રહી છે. હરિયાણાના જીંદમાં દેશના પ્રથમ હાઈડ્રોજન પ્લાન્ટમાં ટ્રેનના ટેન્કરોમાં હાઈડ્રોજન ભરવાનું સફળ



પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ટ્રેન ડીઝલ કે ઈલેક્ટ્રિસિટીના બદલે ગ્રીન ફ્યુઅલ હાઈડ્રોજન પર ચાલશે, જેનાથી પ્રદૂષણ શૂન્ય થઈ જશે. દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનનો પાયલોટ પ્રોજેક્ટ હરિયાણાના જીંદ-સોનીપત રૂટ(આશરે ૯૦ કિમી) પર હાથ ધરવામાં આવશે. રેલવે મંત્રાલયના જણાવ્યા મુજબ, જાન્યુઆરી ૨૦૨૬માં આ ટ્રેનનો ટ્રાયલ રન શરૂ થવાની પૂરી શક્યતા છે. આ માટે જીંદમાં ખાસ હાઈડ્રોજન પ્લાન્ટ તૈયાર કરાયો છે, જ્યાં સ્ટોરેજ અને રિફિલિંગની આધુનિક સુવિધાઓ છે.

ભારતીય રેલવેની આ અત્યાધુનિક હાઈડ્રોજન ટ્રેનમાં કુલ ૨૭ હાઈડ્રોજન સિલિન્ડર લગાવવામાં આવ્યા છે, જેમાં પ્રત્યેક સિલિન્ડર ૮.૪ કિલો ગેસ સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે. આ મુજબ, ટ્રેનમાં એકસાથે કુલ ૨૨૬.૮ કિલો હાઈડ્રોજન ભરી શકાય છે.

માઈલેજની વાત કરીએ તો, આ ટ્રેન અંદાજે ૩૬૦ કિલો હાઈડ્રોજનના વપરાશમાં ૧૮૦ કિમી સુધીનું અંતર કાપવા સક્ષમ છે. તેની સૌથી મોટી વિશેષતા એ છે કે તેને વિશ્વની સૌથી લાંબી અને પાવરફુલ બ્રોડગેજ હાઈડ્રોજન ટ્રેન માનવામાં આવે છે, જે ભારતને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવશે.

ભારતીય રેલવેએ ૨૦૩૦ સુધીમાં ઝીરો કાર્બન ઉત્સર્જન લક્ષ્ય રાખ્યું છે. આ યોજના હેઠળ, હાઈડ્રોજન ટ્રેનોને શરૂઆતમાં પહાડી વિસ્તારો અને હેરિટેજ રૂટ(જેમ કે કાલકા-શિમલા) પર ચલાવવામાં આવશે જેથી ત્યાંના કુદરતી વાતાવરણને કોઈ નુકસાન ન થાય. ભારતે જર્મની, ફ્રાન્સ અને સ્વીડન જેવા દેશોની હાઈડ્રોજન ટેકનોલોજીનો અભ્યાસ કરીને આ ટ્રેન તૈયાર કરી છે.

## ભારતમાં ૧ એપ્રિલથી પહેલીવાર ડિજિટલી વસતી ગણતરી શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮**

ભારતની આગામી વસ્તી ગણતરીની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારે સત્તાવાર રીતે તારીખોની જાહેરાત કરી છે. આ વસ્તી ગણતરી ઘણી રીતે ઐતિહાસિક હશે, કારણ કે તે ફક્ત સંપૂર્ણપણે ડિજિટલ જ નહીં પરંતુ સ્વતંત્રતા પછી પહેલી વાર જાતિના ડેટાને ઈલેક્ટ્રોનિક રીતે પણ રેકોર્ડ કરવામાં આવશે.

વસ્તી ગણતરી દર ૧૦ વર્ષે હાથ ધરવામાં આવે છે. કોરોના વાયરસ મહામારીના કારણે ૨૦૨૧ ની વસ્તી ગણતરી મુલતવી રાખવામાં આવી હતી. આ વખતે વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

આ વખતની વસ્તી ગણતરી બે મુખ્ય તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે પહેલો તબક્કો (એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬): આને હાઉસ લિસ્ટિંગ (મકાનોની યાદી) કહેવામાં આવે છે. જેમાં દેશભરના મકાનો, દુકાનો અને ઈમારતોની ગણતરી કરવામાં આવશે. બીજો તબક્કો (ફેબ્રુઆરી ૨૦૨૭): આ તબક્કામાં વસ્તી ગણતરી કરવામાં આવશે, જેમાં દરેક વ્યક્તિની વ્યક્તિગત માહિતી લેવામાં આવશે.

આ વખતે સરકારે નાગરિકોને સ્વ-ગણતરી ની સુવિધા આપી છે. ઘરે-ઘરે સર્વે શરૂ થવાના ૧૫ દિવસ પહેલા એક ઓનલાઈન પોર્ટલ ખોલવામાં આવશે. લોકો પોતે મોબાઈલ કે કોમ્પ્યુટર દ્વારા પોતાના પરિવારની માહિતી ભરી શકશે. ત્યારબાદ, આગામી ૩૦ દિવસમાં ગણતરી કરનારા કર્મચારીઓ ઘરે આવીને બાકીની માહિતી મોબાઈલ એપ દ્વારા ડિજિટલ રીતે નોંધશે.

આઝાદી પછી આ પ્રથમ વખત છે જ્યારે વસ્તી ગણતરીમાં જાતિ સંબંધિત આંકડા પણ એકત્રિત કરવામાં આવશે. અગાઉ ૧૯૩૧માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન છેલ્લીવાર જાતિગત ગણતરી થઈ હતી. પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટીએ ગયા વર્ષે જ આ અંગે મંજૂરી આપી દીધી હતી. આ તમામ ડેટા એન્ડ્રોઈડ અને આઈઓએસ એપ દ્વારા સુરક્ષિત સર્વર પર અપલોડ કરવામાં આવશે, જેથી ભૂલ થવાની શક્યતા નહિવત રહેશે.

### રેલવે અને સેનામાં સરકારી નોકરીના નામે મોટુ કૌભાંડ

## ગુજરાત સહિત ૬ રાજ્યોના ૧૫ શહેરોમાં દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૮:** દેશના ૬ રાજ્યો અને ૧૫ શહેરોમાં ગુરૂવારે સવારે ઈડીએ દરોડા પાડ્યા છે. ઈડીના આ દરોડા સરકારી નોકરી અપાવવાના નામે ચાલી રહેલા કૌભાંડને લઈને છે. આ હેઠળ એક સંગઠિત ગેંગ લોકોને સરકારી નોકરી અપાવવાના નામે છેતરતી હતી. તેના તરફથી લોકોને નકલી નિમણૂંક પત્ર અને કોલ લેટર જારી કરવામાં આવતા હતા. ખાસ કરી ભારતીય રેલવે અને ૪૦ અન્ય સરકારી વિભાગોમાં ભરતીના નામે આ કૌભાંડ ચાલી રહ્યું હતું. રેલવે સિવાય પોસ્ટ વિભાગ, વન વિભાગ, ટેક્સ વિભાગ, હાઈકોર્ટ, લોક નિર્માણ વિભાગ, બિહાર સરકાર, ડીડીએ અને રાજસ્થાન સચિવાલય વગેરેના નામે લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી હતી. આ ગેંગ નકલી ઈમેલ એકાઉન્ટ બનાવી લોકોને નિમણૂંક પત્ર મોકલતું હતું. એવા ઈમેલ એડ્રેસ તૈયાર કરવામાં આવતા હતા, જેને જોઈને લાગતું હતું કે ખરેખર કોઈ સરકારી વિભાગ તરફથી મોકલવામાં આવ્યો છે. એટલું જ નહીં લોકોમાં વિશ્વાસ પેદા કરવા માટે આ ગેંગ દ્વારા કેટલાક લોકોના ખાતામાં ૨ થી ૩ મહિના પગાર પણ મોકલ્યો હતો. આ લોકોને આરપીએફ, ટીટીઈની નોકરીની લાલચ આપવામાં આવી હતી. તેમાં બેથી ત્રણ મહિના સુધી પગારના નામ પર રકમ ટ્રાન્સફર પણ કરવામાં આવતી હતી. રેલવેમાં ટેક્નીશિયન જેવા પદો પર પણ છેતરપિંડી કરવામાં આવતી હતી. હાલમાં ઈડીએ આ મામલામાં બિહાર, બંગાળ, યુપી, તમિલનાડુ, ગુજરાત અને કેરળમાં દરોડા પાડ્યા છે. આ છ રાજ્યોના કુલ ૧૫ શહેરમાં ઈડીની કાર્યવાહી ચાલી રહી છે. છે.

# ખેલો ઈન્ડિયા બીચ ગેમ ૨૦૨૬ની મુલાકાતે વાત્સલ્ય સંસ્થાના મનોદિવ્યાંગ બાળકો





-તસવીરઃ ફૈઝાન ફારૂક સિદ્દી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા. ૦૮**

આજે સવારે દીવની વાત્સલ્ય સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને ઘોઘલા ખાતે ચાલી રહેલ બીચ ગેમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બાળકોએ આ બીચ ગેમનો ભરપુર આનંદ માણ્યો હતો અને તાળીઓના ગડગડાટ વચ્ચે ગેમના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.દોરડાં ખેંચની રમતમાં ભાગ લઈને મનોદિવ્યાંગ બાળકોએ પોતામાં રહેલી પ્રતિભાને રજૂ કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બાળકોને બીચ ગેમનાં સ્થળે લઈ જવા માટે વાત્સલ્ય સંસ્થાના સેક્રેટરી શ્રી કિશોરભાઈ કાપડિયા અને ટ્રેઝરર શ્રી ઉસ્માનભાઈ વોરા તેમજ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

વાત્સલ્ય સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને બીચ ગેમમાં ભાગરૂપ બનવા માટે ગેમ્સનાં આયોજકો અને વ્યવસ્થાપકો તેમજ દીવના આંગણે આ બીચ ગેમનું ભવ્ય આયોજન કરી દીવને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના અને ઓળખ આપવા બદલ દીવ,-દમણ,દાનહ અને લક્ષદ્વીપનાં લોકપ્રિય પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનો વાત્સલ્ય સંસ્થાએ આભાર માન્યો હતો.

## વલસાડ જિલ્લામાં મકરસંક્રાંતિના તહેવારમાં ચાઈનીઝ તુક્કલ, નાયલોન દોરીના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૮**

વલસાડ જિલ્લામાં આગામી મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી નિમિત્તે તા.૧૪-૦૧-૨૦૨૬ના રોજ કેટલાક શહેરો/નગરોમાં તેમજ ગ્રામ્ય કક્ષાએ પતંગ મહોત્સવ તથા અન્ય કાર્યક્રમાનું આયોજન કરવામાં આવે છે. આ તહેવાર દરમિયાન કેટલાક વેપારીઓ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ માંજા, પ્લાસ્ટિક દોરી, સીન્થેટીક માઝા, સીન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોને બાયોટીગ્રેબલ હોય તેવી દોરીનું વેચાણ કરતા હોય છે, જે સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવાના કારણે તે સળગીને ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ-પક્ષી, જાહેર ખાનગી માલ મિલકત તેમજ પર્યાવરણે નુકસાન થવાની શક્યતા રહેલી છે, તેમજ પ્લાસ્ટિકની દોરીના ઉપયોગથી પશુ-પક્ષીઓ તેમજ માનવીને જાનહાનિ થવાનો સંભવ રહેલ છે. આવા બનાવો બનતા અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહિપાલસિંહ ચુડાસમાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલી સત્તાની રૂએ તા.૧૭-૦૧-૨૦૨૬ સુધી નીચે દર્શાવેલા કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. પ્રતિબંધિત કૃત્યો : (૧) મકરસંક્રાંતિ દરમિયાન સમગ્ર વલસાડ જિલ્લામાં વેપારીઓ તથા આમ જનતાએ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક/નાયલોન દોરી, કાચ પાયેલી તથા મેટાલીક કોટીંગ કરેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલી દોરી, નાયલોન અથવા અન્ય સીન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલી હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરીનો સંગ્રહ/વેચાણ તથા પતંગ ચગાવવા માટે ઉપયોગ કરવો નહિ. પરંતુ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર મુજબ પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદા, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલો ઓછી તિક્ષ્ણ શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલા હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦ ટકાથી વધુ ન હોવો જોઈએ. જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦ ટકા, મેંદો ૩૬ ટકા, કુદરતી ગુંદર અને રંગ ૨૪ ટકા કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર જે કોટિંગ પદાર્થનો ૧૦ ટકા હોઈ શકે છે પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫ ટકાથી વધુ ન હોવું જોઈએ તેવા કોટનનો માંજો/દોરી વાપરી શકાશે. (૨) જાહેર માર્ગો રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા નહિં તથા કપાયેલા પતંગો અને દોરા વગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા-દોડી કરવું નહિં.

(૩) રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેક્ટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગો ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેક્ટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કિટ તથા આગ-અકસ્માતના બનાવો બનવાની સંભાવના રહેલી હોવાથી આવા કૃત્યો કરવા નહિ.

(૪) વલસાડ બહારથી આવી સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ), ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક/નાયલોન દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તથા નાયલોન અથવા અન્ય સીન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન–બાયોડીગ્રેબલ હોય તેવી દોરી લાવી વેચનાર વેપારીઓને પણ આ હુકમ લાગુ પડશે.આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

## ચીખલીના ઢોલુમ્બરમાં જમીન સમતલ કરવાના નામે આડેધડ વૃક્ષોનું કરાઈ રહેલું નિકંદન, વન વિભાગ સક્રિયતા દાખવે તે જરૂરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૮**




-તસવીરઃ દિપક સોલંકી

તાલુકાના ઢોલુમ્બર ગામમાં જમીન સમતલ કરવાના નામે ઘણી જગ્યાએ વૃક્ષોનું આડેધડ નિકંદન કરવામાં આવી રહ્યું છે. વનવિભાગની નિષ્ક્રિયતા વચ્ચે ઈમારતી અને બિન ઈમારતી વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન કરી પુરવાઓ નષ્ટ કરવા માટે કપાયેલા વૃક્ષોના થડને સળગાવી દેવાતા હોય છે. એટલે ખેરખર કયું ઝાડ કાપવામાં આવ્યું હતું. તેનો કોઈ પુરાવો ઉપલબ્ધ ન રહે.

વધુ ઢોલુમ્બર ગામમાં ખાનગી જમીનને લાગુ વન વિભાગ દ્વારા વનીકરણ કરવામાં આવેલ હોય તેવા પણ કેટલાક વિસ્તાર હોય આવી વનીકરણ કરવામાં આવેલ જમીનમાં પણ વૃક્ષોના નિકંદનની ગેરકાયદેસરની પ્રવૃત્તિ જોવા મળી રહી છે.

ઉપરોક્ત સ્થિતિમાં વનીકરણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ માથે પડવા સાથે પર્યાવરણને પણ નુકસાન થઈ રહ્યું છે. ત્યારે વન વિભાગ દ્વારા સજાગતા દાખવી ઢોલુમ્બર ગામમાં આ રીતે કાપવામાં આવેલ ઝાડો પૈકી કેટલા ઈમારતી અને કેટલા બિન ઈમારતી છે. અને વનીકરણ કરવામાં આવેલ જમીનમાંથી કેટલા વૃક્ષો કપાયા છે. અને કોના દ્વારા કાપવામાં આવ્યા,એ જમીન ખરેખર ખેડૂત ખાતેદારની છે કે પછી વન વિભાગ હસ્તકની છે. તેની પણ તટસ્થ તપાસ કરી આ પ્રકારે વૃક્ષોના નિકંદનની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓ પર લગામ કસવામાં આવે તે જરૂરી છે.

**ગ્રામ પંચાયત પણ સક્રિયતા દાખવે તે જરૂરી છે :** તાલુકાના ઢોલુમ્બર, માંડવખડક, સારવણી સહિતના ગામોમાં આવેલ જંગલ વિસ્તારમાં વૃક્ષોના રોપાણ બાદ જરૂરી માવજત થાય અને આરક્ષિત વિસ્તારમાંથી ઈમારતી બિનઈમારતી વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન ન થાય અને જંગલ વિસ્તાર જળવાઈ રહે વૃક્ષોથી હર્યો ભર્યો રહે તે માત્ર વન વિભાગ દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તે આવશ્યક જણાઈ રહ્યું છે.

### ભાઈગીરીનો વીડિયો વાયરલ થતાં પોલીસે માફી મંગાવડાવી

## જેલમુક્તિ બાદ ડ્રગ્સ માફિયા શિવાનું આતિશબાજી સાથે સેલિબ્રેશન

**તે જેલમાંથી બહાર આવ્યા બાદ સફેદ મોટી ગાડીમાંથી ઉતરીને પોતાના સાગરીતો સાથે ખુલ્લેઆમ ઉજવણી કરતો જોવા મળ્યો હતો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૮**

સુરત શહેરમાં ફરી એકવાર ડ્રગ્સ નેટવર્ક અને ગુનાહિત તત્વોની હિંમત સામે આવી છે. પાંચ મહિના અગાઉ SOG દ્વારા ઝડપાયેલા કુખ્યાત ડ્રગ્સ માફિયા શિવા ઝાલાએ જેલમાંથી બહાર આવતા જ સુરત પોલીસને ખુલ્લી ચેલેન્જ આપી હોય તેવી ઘટના સામે આવી છે. જેલમુક્તિ બાદ શિવા ઝાલાનો ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જાહેરમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને ગેંગસ્ટર સોંગ સાથે વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા. જોકે આ મામલે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરીને માફી મંગાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કુખ્યાત ડ્રગ્સ માફિયા શિવા ઝાલાના ઘરે SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)એ પાંચ મહિના અગાઉ રેડ પાડીને તેને જેલ હવાલે કર્યો હતો, જોકે હાલમાં તે જેલમાંથી બહાર આવ્યા બાદ સફેદ મોટી ગાડીમાંથી ઉતરીને પોતાના સાગરીતો સાથે ખુલ્લેઆમ ઉજવણી કરતો જોવા મળ્યો હતો. ગેંગસ્ટર કલ્ચરને પ્રોત્સાહન આપે તેવા ગીતો સાથે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર મૂકવામાં આવ્યા હતા, જે બાદ શહેરમાં કાયદો-વ્યવસ્થાને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા હતા.

આમ કુખ્યાત શિવા ઝાલાના વીડિયો વાયરલ થતાં જ સુરત પોલીસ એક્શનમાં આવી હતી અને તપાસ હાથ ધરી હતી, ત્યારે SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)એ શિવા ઝાલાના ઘરમાં અગાઉ જે ઘર દરોડા પાડવામાં આવ્યા હતા, એ જ શિવા ઝાલા ફરી સક્રિય થયો હોવાની આશંકા વ્યક્ત કરી વિસલાબતપૂરા પોલીસ સ્ટેશને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ નોંધી હતી અને પોલીસ કાર્યવાહી બાદ ડ્રગ્સ કેસમાં પેરોલ પર બહાર આવેલા શિવા ઝાલાને જાહેરમાં કાન પકડીને માફી મંગાવવી પડી હતી.

માફિયા શિવા ઝાલાએ બે કાન પકડી માફી માંગી પોતે સ્વીકાર્યું હતું કે, તેના ઘરની નજીક જાહેરમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને તે કાયદાનો ભંગ હતો. પોલીસ સામે માફી માંગતા શિવા ઝાલાએ જણાવ્યું હતું કે, ‘‘મારા કારણે કાયદાનો ભંગ થયો છે, તેની મને ખેદ છે. આજ પછી હું ક્યારેય કાયદાનો ભંગ નહીં કરું.’’ ત્યારે પોલીસે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, પેરોલના નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને ફરી કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સામે આવી તો સીધી કાર્યવાહી થશે.



હાલ આ સમગ્ર ઘટનાએ સુરત પોલીસની કાર્યપ્રણાલી અને ડ્રગ્સ માફિયાઓ સામે ચાલી રહેલી કાર્યવાહી પર ફરી એકવાર ધ્યાન ખેંચ્યું છે.

સોશિયલ મીડિયા પર ગેંગસ્ટર સંસ્કૃતિ ફેલાવવાના પ્રયાસો સામે પોલીસ હવે વધુ સતર્ક બની છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આવા તત્વો સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવાશે તેવું પણ સંકેત મળ્યો છે.

સુરત શહેરમાં ડ્રગ્સ નેટવર્ક પર સતત કાર્યવાહી ચાલી રહી છે ત્યારે શિવા ઝાલા જેવી ઘટનાઓ પોલીસ માટે પડકારરૂપ બની રહી છે. હાલ પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે અને શિવા ઝાલાની હરકતો પર કડક નજર રાખવામાં આવી રહી છે.

## વાપી ડુંગરા નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલની સમાજ સેવકોએ મુલાકાત લીધી





### ડૉક્ટર, પોલીસ અધિકારી, અગ્નિશામક, ટપાલી, શિક્ષણ અધિકારી, દરજી, શિક્ષક, વકીલ, પાયલટ, રાજકારણી અને મજૂર જેવા સમુદાય સહાયકો શાળાએ આવ્યા અને બાળકો સાથે વાતચીત કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૮**

નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલ, ડુંગરા, વાપી શાળામાં અભ્યાસની પ્રવૃત્તિઓના ભાગરૂપે સમુદાય સહાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓ સમાજની સેવા કરતા લોકોનું મહત્વ સમજી શકે. ડૉક્ટર, પોલીસ અધિકારી, અગ્નિશામક, ટપાલી, શિક્ષણ અધિકારી, દરજી, શિક્ષક, વકીલ, પાયલટ, રાજકારણી અને મજૂર જેવા સમુદાય સહાયકો શાળાએ આવ્યા અને બાળકો સાથે વાતચીત કરી હતી.

આ સહાયકોએ પોતાનું કાર્ય ખૂબ જ સરળ અને મૈત્રીપૂર્ણ રીતે સમજાવ્યું, બાળકોએ ધ્યાનથી સાંભળી અને શીખ્યા હતા. આ સહાયકો આપણા સમાજને કેવી રીતે સુરક્ષિત, સ્વસ્થ અને સ્વચ્છ રાખે છે. બાળકોએ પણ સમુદાય સહાયકોના વેશ પહેર્યા અને પોતાના પસંદ કરેલા વ્યવસાય વિશે થોડીક પંક્તિઓ બોલી હતી.

આ કાર્યક્રમ ખૂબ આનંદદાયક, માહિતીપ્રદ અને શિક્ષકો તથા વાલીઓ દ્વારા ખૂબ પ્રશંસા પામ્યો હતો. તેનાથી વિદ્યાર્થીઓમાં સમુદાય સહાયકો પ્રત્યે આદર અને કૃતજ્ઞાની ભાવના વિકસી હતી.

## માતાના વિયોગમાં પુત્રનો ગળાફાંસો ખાઈ આપઘાત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ, તા.૦૮**

ગોંડલ રોડ પર પુનિતનગર પાણીના ટાંકા પાસે ઝૂપડામાં રહેતા કિરીટસિંહ ભૂપતસિંહ સીસોદીયા (ઉ.વ.૩૮) એ માતાના વિયોગમાં ગળાફાંસો ખાઇ જિંદગી ટુંકાવી લેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.સંતાનમા બે દીકરી અને એક દિકરો ધરાવતા કિરીટસિંહના માતા રામબા (ઉ.વ.૭૩)નું અઠવાડિયા પહેલાં બિમારીના કારણે મૃત્યુ નિપજ્યુ હતુ. ત્યારથી મૃતક ગુમસુમ રહેતા હતા. ગઈકાલે તેના પત્ની સંતાનો સાથે તેના માતાના ઘરે ગયા બાદ કિરીટસિંહે છતના આડસમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.તેના પત્ની ઝૂંપડાને આડસ કરવા જતા કિરીટસિંહ ગળાફાંસો ખાધેલી હાલતમા મળ્યા હતા. ૧૦૮ બોલાવાતા તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM VIJAYKUMAR MAHADEO PATIL TO **VIJAY MAHADEV PATIL** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

**OLD NAME:**
DINESH CHANDRA SHANTARAM RAUT
**NEW NAME:**
**DINESH SHANTARAM**
**ADDRESS:** H/NO:208/6, MANGELWAD, MOTI DAMAN, DAMAN (UT)

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : TEJASH TIWARI TO
**NEW NAME : TEJASH VINAY TIWARI**
Address : E-1/302, Thakur Complex, B/h District Court, Tokarkhada, Silvassa, Dadra & Nagar Haveli 396230

**Government Engineering College, Varkund, Nani Daman - 396210**

The following posts are to be filled up on “STC / Visiting Basis” in the Government Engineering College, Daman as under: -

1. 01-Post of Assistant Professors in Civil Engineering on short term basis.
2. 01-Post-of Assistant Professors in Civil Engineering on visiting basis

www.ddd.gov.in
www.govtenggcollegedaman.org.in

**No.1.0-EST-GEC/Volume-III/2025-26/1028**
**dated: 07/01/2026**
**Starting Date: 08/01/2026**
**Ending Date: 28/01/2026**

**No. IP/DMN/2/5/2025-26/1076, Dated: 08/01/2026**

**प्रदूषण नियंत्रण समिति**
**Pollution Control Committee**
**संघ प्रदेश प्रशासन दादरा एवं नगर हवेली एवं दमन एवं दीव**
**U. T. Administration of Dadra and Nagar Haveli and Daman and Diu**
**प्रथम तल, उद्योग भवन, भेंसलोर, नानी दमन, दमन - ३९६२१०**
**1st Floor, Udyog Bhavan, Bhenslore, Nani Daman, Daman-396210**
Ph.: 0260 - 2262524 / 2260975, e-mail — pcc-dnhdd@ddd.gov.in

No. PCC/DDD/EPR-Used Oil/2023-24/05 — Dated:- 07/01/2026

**જાહેર સૂચના**

**પ્રયુક્ત તેનલના પર્યાવરણ અનુકૂળ વ્યવસ્થાપન માટે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી (ઈપીઆર)નો અમલ**

ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સૂચિત ખતરનાક અને અન્ય અપશિષ્ટ (વ્યવસ્થાપન અને સીમાપાર ગતિ) દ્વિતીય સુધારા નિયમો, ૨૦૨૩ મુજબ, તમામ ઉત્પાદકો, આયાતકારો, રિસાયકલર્સ તથા પ્રયુક્ત તેલના સંગ્રહ એજન્ટો માટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના કેન્દ્રીકૃત પ્રયુક્ત તેલ વિસ્તૃત ઉત્પાદક જવાબદારી (ઈપીઆર) પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજિયાત છે.

**મહત્ત્વપૂર્ણ માહિતીઃ**

- પ્રયુક્ત તેલ (જેમાં અપશિષ્ટ એન્જિન તેલ, ગિયર તેલ, હાઇડ્રોલિક તેલ વગેરેનો સમાવેશ થાય છે) ને ખતરનાક અપશિષ્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.
- EPR પોર્ટલ પર નોંધણી વિના કામગીરી કરવી ગેરકાયદેસર છે અને તે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ દંડનીય છે.
- અનૌપચારિક/ગેરકાયદેસર પ્રયુક્ત તેલના રિસાયક્લિંગ અથવા સંગ્રહ એકમોની ઓળખ કરવામાં આવી રહી છે અને પર્યાવરણ પ્રદૂષણ અટકાવવા માટે આવા એકમોને બંધ કરવામાં આવી રહ્યા છે.

તમામ હિતધારકો (રિસાયકલર્સ, સંગ્રહ એજન્ટ, ઉત્પાદક, આયાતકાર)ને વિનંતીઃ તાત્કાલિક EPR પોર્ટલ પર નોંધણી/અપડેટ સુનિશ્ચિત કરોઃ https://eprusedoil.cpcb.gov.in/

**જાહેર અપીલઃ** પ્રયુક્ત તેલને અપંજીકૃત/અનૌપચારિક સંચાલકોને વેચશો નહીં તથા તેનો નિકાલ પણ ન કરો. પ્રયુક્ત તેલ ફક્ત અધિકૃત અને નોંધાયેલ સંગ્રહ એજન્ટો/રિસાયકલર્સને જ સોંપો, જેથી સુરક્ષિત વ્યવસ્થાપન સુનિશ્ચિત થાય અને પર્યાવરણ સુરક્ષિત રહે.

અનુપાલન ન કરવામાં આવે તો એકમોને બંધ કરવામાં આવશે તેમજ કડક કાર્યવાહી અને કાનૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**પૂછપરછ/માર્ગદર્શન માટેઃ** પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (https://ddnocmms.nic.in/) નો સંપર્ક કરો અથવા www.cpcb.nic.in ની મુલાકાત લો.

**No. IP/DMN/2/5/2025-26/1070, Dated: 08/01/2026** — **સભ્ય સચિવ**

**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ


# વાપી જકાતનાકા અતુલ સોસાયટી સામે રેલવે અંડરપાસની ઠપ્પ થયેલી કામગીરી ફરી શરૂ થઈ

**વાપી પૂર્વ-પશ્ચિમ અવરજવર માટે આ અંડરપાસ ખાસ વિકલ્પ પુરો પાડશે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપીમાં કાર્યરત વિકાસ કાર્યો પૈકી બલીઠા હાઈવે પુલ સામે અતુલ સોસાયટી નજીક જુના જકાતનાકા સામે પૂર્વ-પશ્ચિમ અવરજવર માટે રેલવે અંડરપાસની કામગીરી થોડા મહિના પહેલા કાર્યરત થઈ હતી. પરંતુ ત્યારબાદ કામગીરી અચાનક ઠપ્પ થઈ ગઈ હતી. હવે આશાનું કિરણ જોવા મળ્યું છે ઠપ્પ થયેલી કામગીરી ફરી શરૂ થઈ છે.

વાપી, સલવાવ, બલીઠા, ગુંજન જીઆઈડીસી વિસ્તારના લોકો માટે વાપીમાં સીધી અવરજવર માટે બલીઠાપુલ સામે નવો રેલવે અંડરપાસ બની રહ્યો છે. વાપીમાં ૧૯ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ પ્રારંભના કેટલાક મહિનાઓ બાદ કામગીરી અચાનક ઠપ્પ થઈ ગઈ હતી. પરંતુ છેલ્લા અઠવાડિયાથી ફરી અંડરપાસની કામગીરી શરૂ થઈ ચૂકી છે. વાપી કબ્રસ્તાન રોડ અને બલીઠા હાઈવેને કનેક્ટીંગ કરતો રેલવે અંડરપાસ બની રહ્યો છે. આ પ્રોજેક્ટ પુરો કરવા માટે ફાટક તરફ જતો રોડ બંધ કરી દેવાયો હતો. નૂતનનગરમાં ડાઈવર્ઝન અપાયું છે. બે વિકલ્પથી ફાટક સુધી અવરજવર હાલ ચાલુ છે. આ અંડરપાસ પૂર્ણ થયાથી આર્શિવાદરૂપ નિવડશે. ટાઉનમાં જવા માટે વધુ એક વિકલ્પ મળશે. આશા રાખીએ છે કે નિર્વિઘ્ને આ અંડરપાસ જલદી પૂર્ણ થાય.

# નાસિક રોડ ઉપર ગમખ્વાર અકસ્માત: સેલવાસના યુવાન સહિત ચારના મોત

**વાપી ડુંગરાનો એક પરિવાર પણ ભોગ બન્યાની ચર્ચા**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી,તા.૦૮**

નાસિક-પેઠ રોડ પર બુધવારે બપોરે ૩:૦૦ વાગ્યાની આસપાસ ચાચડગાંવ ટોલ બુથ પાસે બે કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. નાસિકથી પેઠ જઈ રહેલી સ્કોર્પિયો કાર (નંબર GJ-15-CR-7904)ના ચાલકે ઓવરટેક કરવાની લ્હાયમાં સામેથી આવતી અર્ટીગા કાર (નંબર DD-01-AA-9013)ને જોરદાર ટક્કર મારી હતી. આ સામસામે થયેલી ટક્કરમાં અર્ટીગા કારના ચાલક અને સેલવાસના રહીશ શાહરુખ ખાન ફરકત (ઉ.વ. ૨૮ વર્ષ) સહિત કુલ ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મૃતકોમાં રાજસ્થાનના ૭૫ વર્ષીય ચોગાલાલ ગુર્જર, એક મહિલા અને અન્ય એક મુસાફરનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ૬ મહિલાઓ અને ૨ પુરુષો મળી કુલ ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર અર્થે નાસિકની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલા લોકોમાં વાપીના ડુંગરા વિસ્તારના એક પરિવારનો પણ સમાવેશ હોવાની ચર્ચા છે. ડિંડોરી પોલીસ આ મામલે આગળની વધુ તપાસ કરી રહી છે.

**વાપી કોંગ્રેસ સંગઠનમાં ખળભળાટ**

# સોશિયલ મીડિયામાં યુવા પ્રમુખ અને કાર્યકારી પ્રમુખ વચ્ચે આક્ષેપોનો દોર ચાલ્યો



**મનપાની ચૂંટણી પહેલા મન ગમતા વોર્ડની ટિકિટ નહી મળે તો અન્ય પાર્ટીનો સંપર્ક શરૂ થયા હોવાના આક્ષેપોનો દોર છવાયો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપી શહેર કોંગ્રેસ સંગઠનમાં છેલ્લા ૨૪ કલાકથી ભારે ખળભળાટ મચ્યો છે. સોશિયલ મીડિયાના યુવા પ્રમુખ અને કાર્યકારી પ્રમુખ વચ્ચે આક્ષેપોનો દોર છવાયો હતો. તેથી સંગઠનમાં વાપી મનપાની ચૂંટણી પહેલાં જ તિરાડ પડી ગયાનું ચિત્ર રાજકીય ફલક ઉપર ઉપસી આવ્યું છે.

વાપી યુવા કોંગ્રેસ યુવા પ્રમુખ શ્રી વરુણસિંહ ઠાકુરે સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરી છે. કાર્યકરી પ્રમુખ શ્રી મહેશ શાહ વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન વાયરલ કર્યો છે. પાર્ટી માટે નિર્ણક કે સૂચન તેઓ કરી શકે નહી તો બીજી તરફ કાર્યકારી પ્રમુખ શ્રી મહેશ શાહે શ્રી વરુણસિંહ સામે આક્ષેપ કર્યો હતો કે તેઓ આગામી મનપાની ચૂંટણીમાં મનગમતા વોર્ડની ટિકિટ નહી મળે તો અન્ય પક્ષનો તેઓ સંપર્ક કરશે.

સુત્રોથી શ્રી મહેશ શાહને મળેલી આ જાણકારીની ચર્ચા કોંગ્રેસ અગ્રણી અને શ્રી વરૂણસિંહના મિત્ર શ્રી ખંડુભાઈ દેસાઈને પણ આ વાતની જાણ કર્યાની વાત શ્રી મહેશ શાહે કરી હતી. મનપાની ચૂંટણીને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે તથા કોંગ્રેસ સંગઠનમાં તિરાડ ફાડ પડી ગઈ હોવાનું હાલમાં જણાઈ રહ્યું છે. કારણ કે સોશિયલ મીડિયામાં આક્ષેપો-પ્રતિ આક્ષેપોનો સતત દોર ચાલુ રહેતા વાપીના રાજકારણમાં આ મુદ્દો ખાસ ચર્ચાનો વિષય બન્યો હતો.

# એસઆઈએના સભાખંડમાં સ્વ.એન આર અગ્રવાલની પુણ્યતિથિ નિમિત્તે વિશાળ રક્તદાન શિબિરનું કરાયેલું આયોજન

**એસઆઈએ, મે. ગાયત્રી શક્તિ પેપર બોર્ડ લિ. અને એનઆર અગ્રવાલ લિ.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૫૫ યુનિટ રક્ત એકત્રિત કરી રજૂ કરેલું સમાજસેવાનું ઉમદા દૃષ્ટાંત**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૦૮**

સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન હોલ ખાતે આજે સ્વ. એન. આર. અગ્રવાલની પુણ્યતિથિના સ્મરણાર્થે સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, મે.ગાયત્રી શક્તિ પેપર બોર્ડ લિમિટેડ અને મે.એન. આર. અગ્રવાલ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સેવાભાવી નાગરિકો અને ઉદ્યોગ જગતના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લેતા કુલ ૫૫૫ રક્ત યુનિટ એકત્રિત થવા પામ્યું હતું.

રક્તદાન શિબિરનો પ્રારંભ સવારે ૯:૩૦ શરૂ થવા પામ્યો હતો. જે સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો.આ કેમ્પમાં લાયન્સ બ્લડ બેન્ક, હરિયા બ્લડ બેન્ક અને રેડ ક્રોસ બ્લડ બેન્કના તબીબો અને કર્મચારીઓએ ખડેપગે રહીને સેવા આપી હતી. ખાસ કરીને પ્રથમ વખત રક્તદાન કરનાર યુવક-યુવતીઓમાં વિશેષ જોશ જોવા મળ્યો હતો, જેણે સમાજ પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય અને માજી મંત્રી શ્રી રમણભાઈ પાટકર, પદ્મશ્રી શ્રી યઝદી ઈટાલિયા, અને એન.આર.અગ્રવાલ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના એમ.ડી. શ્રી રાજેન્દ્ર એન. અગ્રવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ શ્રીમતી રીના આર.અગ્રવાલ અને GPCBના પ્રાદેશિક અધિકારી શ્રી ભદ્રેશ પટેલ પણ રક્તદાન કરી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રસંગે શ્રી રાજેન્દ્ર એન. અગ્રવાલે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૧ વર્ષથી પિતાશ્રીની સ્મૃતિમાં આ કેમ્પ યોજવામાં આવે છે. ઉદ્યોગો માત્ર આર્થિક પ્રવૃત્તિ જ નહીં, પરંતુ સામાજિક જવાબદારીમાં પણ અગ્રેસર રહે તે સમયની માંગ છે.

આ પ્રસંગે સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રી નિર્મલ દુધાણી, એસઆઈએ એડવાઈઝરી કમિટીના ચેરમેન શ્રી શિરીષભાઈ દેસાઈ, સેક્રેટરીશ્રી કૌશિકભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરીશ્રી આનંદભાઈ પટેલ, ઉદ્યોગપતિશ્રી કિશોરભાઈ ગજેરા, ઉમરગામ તાલુકા સંગઠનના પ્રમુખ ડો.નિરવ શાહ, જિલ્લા પંચાયત સભ્યશ્રી મુકેશભાઈ પટેલ, નોટિફાઈડ બોર્ડના સભ્યશ્રી દિલીપભાઈ ભંડારી, ઉપપ્રમુખ શ્રી કમલેશ વસવાની, લાયન્સ બ્લડ બેન્કના ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ પટેલ સહિત સામાજિક સંસ્થાના અગ્રણીઓની હાજરી જોવા મળી હતી. આજના બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે એન.આર.અગ્રવાલ કંપનીના જનરલ મેનેજર શ્રી મધુકર જોશવાજી, ગાયત્રી શક્તિ પેપર બોર્ડ લિ.ના મેનેજર દાયમાજી અને એમના કર્મચારીઓએ સહિત અન્ય કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ચીખલીના સુંઠવાડ ગામે ખેતરમાં જુગાર રમતા ૪ ઝડપાયા: ૧.૦૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

**વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૮**

ચીખલીના સુંઠવાડ ગામે ખેતરમાં હારજીતનો જુગાર રમતા ચાર જેટલાને રૂા.૧.૦૪/ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગારધાર કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પોલીસ કરી રહી છે.

ચીખલી પોલીસના હે.કો.શ્રી મહેન્દ્ર નેભાભાઈ, શ્રી યુવરાજસિંહ જુવાનસિંહ,પો.કો. શ્રી અલ્પેશભાઈ સાતાભાઈ, શ્રી ગણપતભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે ચીખલી તાલુકાના સુંઠવાડ ભીખા ફળીયા ખાતે શ્રી પરિમલ દેસાઈના ખેતરમાં ખુલ્લી જગ્યામાં ગોલકુંડાળુ કરી તીનપત્તીનો હાર જીતનો જુગાર રમતા ચાર જેટલાને ઝડપી પાડી અંગ ઝડતી અને દાવ ઉપર મુકેલ રોકડ મળી કુલ્લે રૂા.૨૪,૩૦૦/-ના મુદ્દામાલ સાથે દાવુદભાઈ ફકીરભાઈ સીદાત (ઉ.વ.૫૬), હિરલ શૈલેષભાઈ પટેલ (ઉ.વ.૨૫)) (બન્ને રહે.સુંઠવાડ કોળીવાડ ફળીયા તા. ચીખલી), સંદીપ સુખાભાઈ પટેલ (ઉ.વ-૩૫) (રહે. સુંઠવાડ નિશાળ ફળીયા તા.ચીખલી),મિતેષ કિરણભાઈ રાઠોડ (ઉ.વ.૩૦),(રહે. સુંઠવાડ માંહ્યવંશી મહોલ્લો તા.ચીખલી) એમ ચાર જેટલાની ધરપકડ કરી મોબાઈલ નંગ-૩, ચાર મોટર સાયકલ મળી કુલ્લે રૂ.૧,૦૪,૩૦૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલા ચારેય શખ્સો વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ શ્રી એચ.એચ.ફળદુ કરી રહ્યા છે.

# વાપીમાં 'આપ'ની સભા યોજાઈ: વક્તાઓએ ભાજપ સરકારને આડે હાથે લીધી

**પ્રમુખ ઈશુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા તથા ચૈતર વસાવા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૮**

વાપી જીએસટી કચેરી સામે ગુજરાત આમ આદમી પાર્ટી સભા બુધવારે ૬ કલાકે યોજાઈ હતી. જેમા પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્યો સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સભામાં ગુજરાત ભાજપ સરકારને વક્તાઓએ આડે લીધી હતી.

સભામાં પ્રદેશ પ્રમુખ શ્રી ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે, ભાજપને સૌથી વધુ ફંડ વાપીના ઉદ્યોગપતિઓ આપે છે. પરંતુ પ્રદુષણ સહિત કામદારોના પ્રશ્નો હલ થતા નથી. વાપીનો પુલ આ જનમમાં પુરો થશે કે કેમ તેવો સવાલ છે. તેમ છતાં ભાજપના નેતા કહે છે કે મત તો લોકો અમને જ આપે છે. જ્યારે સભામાં ધારાસભ્ય શ્રી ગોપાલ ઈટાલીયાએ કહ્યું હતું કે, ગુજરાત સરકારમાં ભાજપના નેતાઓનું કઈંક ઉપજતુજ નહી દિલ્હીનો હુકમ ચાલે છે. ૨૦૨૨માં પ્રધાનોને કાઢી મુકેલા સરકાર નહી સંગીત ખુરશીની રમત ચાલે છે.

ડેડીયાપાડાના ધારાસભ્ય શ્રી ચૈતર વસાવાએ સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સામે પ્રશ્નો કર્યો હતા કે ફલધરામાં ૪૦૦ કાર્યકરો આપના ભાજપમાં જોડાઈ ગયા પણ ૪૦૦ કાર્યકરો આપના છે જ નહી તો વાહીયાત વાતો વહેતી કરે છે સાંસદ.

આમ આદમી પાર્ટી ત્રીજા વિકલ્પ તરીકે ગુજરાતમાં ઉભી થઈ ચૂકી છે.ખેડૂતોના આદિવાસીઓ, વિદ્યાર્થીઓ, વેપારીઓની સમસ્યા માટે આમ આદમી પાર્ટી લડત ચલાવી રહી છે. સભામાં પાંખી હાજરી હતી પણ કોંગ્રેસ વિરુદ્ધ એક શબ્દ એકેય નેતા બોલ્યા નહતા.

# વલસાડના જાદુગર ડી. લાલ (ધીમંત મસરાણી)ને ઈન્ટરનેશનલ એચીવમેન્ટ એવોર્ડ મળ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૮**

વલસાડના જાણીતા જાદુગર શ્રી ધીમંત મસરાણી (ડી. લાલ)ને મહારાષ્ટ્રના નાસિક સ્થિત બાલશાસ્ત્રી જાંભેકર પત્રકાર સંસ્થા દ્વારા શિરડી ખાતે પત્રકાર દિન નિમિત્તે ઈન્ટરનેશનલ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ સન્માન સમારોહમાં દર્પળકાર બાલશાસ્ત્રી જાંભેકર સંસ્થાના પત્રાકારશ્રી મહેન્દ્ર દેશપાંડે, શિરડી સાંઈબાબા સંસ્થાનના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી ગોરખ ગાડિલકર, બ્યૂટીક્વિન પ્રિતિ ચૌધરી, જિલ્લા માહિતી અધિકારી શ્રી સુરેશભાઈ પાટીલ, જિલ્લા પોલીસ અધિક્ષક અય્યર, સાંઈબાબા મંદિરના પૂજારી રતિકાંચીએ જાદુગર ડી. લાલને શાલ તથા એવોર્ડ પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતા.

આ પ્રંસગે જાદુગર ડી.લાલ એ ખાલી ફોટો ફ્રેમમાંથી સાંઈબાબાના દર્શનના કરાવ્યા હતા, આંખને ઈશારે સાંઈ રામની ઘંટડીનો અવાજ સંભળાવ્યો, ફુલોનો વરસાદ કરી જાદુઈ કલા દ્વારા લોકોના દિલ જીતી લીધા હતા. જિલ્લા પત્રકાર સંઘના અધ્યક્ષ પંઢરીનાથ પગાર અને નીતિનભાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. જાદુગર રીયા અને જાદુગર લાલુ ચુડાસમાએ ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવવા બદલ જાદુગર ડી.લાલને અભિનંદન પાઠવ્યા હતા.

# દાનહના નરોલી વેદાંતા સોસાયટીમા ચોરી કરવા આવેલ ચોર સીસીટીવી કેમેરામાં કેદ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૮**

દાનહના નરોલી ગામની વેદાંતા સોસાયટીમા બંધ ઘરમાં મોડી રાત્રે ચોરી કરવા આવેલ ચોરો સીસીટીવી કેમેરામા કેદ થયા હતા.

પ્રાપ્ત વિગત અનુસાર વેદાંતા સોસાયટીમા ગત રાત્રિએ અઢી વાગ્યાના સુમારે ચાર વ્યક્તિઓ સોસાયટીમા મોઢા પર રૂમાલ અને મફલર બાંધી હાથમાં હથોડી અને સળિયા લઈને ઘુસ્યા હતા અને સોસાયટીના બંધ ફલેટના દરવાજાનું તાળુ તોડી રોકડ રકમ અને સોનાના દાગીના ચોરીને ફરાર થઈ ગયા હતા.

ઘરના માલિક ત્રણ દિવસથી બહાર હતા સવારે સોસાયટીના લોકોએ ફલેટનો દરવાજાનું તાળુ તુટેલું જોતા તાત્કાલિક ફલેટ માલિકને ફોન કરી જાણ કરી હતી. સાથે નરોલી પોલીસને પણ જાણ કરી હતી. બીજા દિવસે જયારે ફલેટ માલિક આવ્યા ત્યારે ચેક કરતા એમના ઘરમાંથી રોકડા દસ હજાર રૂપિયા અને સોનાનું મંગળસૂત્ર મળી અંદાજીત દોઢ લાખના મુદ્દામાલની ચોરી થઈ ગઈ હોવાનું જણાયું હતું. સોસાયટીના સીસીટીવી કેમેરા ચેક કરતા ચાર વ્યક્તિઓ સોસાયટીમાં ચોરીના ઈરાદે આવ્યા હોવાનું જોવા મળ્યું હતું. આ ઘટના અંગેની ફરિયાદ નોધી વધુ તપાસ નરોલી પોલીસ કરી રહી છે.